એકવાર પુત્રવધૂએ પોતાના પતિને પૂછયું, "મારા સસરાજીનું નામ તો હેલાક શેઠ છે અને લોકો તો તેમને વંચક શેઠ કહે છે તેનું શુ કારણ?"

બાલકે પોતાની પત્નીને સત્ય હકીકત કહી કે પિતાજી લોકોને ઠગે છે એટલે લોકોએ તેમનું બીજું નામ વંચક શેઠ રાખ્યું છે.

ધર્માત્મા પુત્રવધૂને આ વાત ન ગમી. એકવાર પુત્રવધૂએ પોતાના સસરાને બે હાથ જોડી વિનંતી કરી કે—

"બાપુજી, આપ અનીતિ કરીને, બીજાને ઠગીને અને

ભોળા લોકોને છેતરીને ધનોપાર્જન કરો છો, પણ આ ધન ટકશે નહિ. આડે માર્ગે ચાલ્યું જશે, નાશ પામશે અને મોટા પાપના ભાગી બનવું પડશે.

આપ અનીતિનો માર્ગ છોડી, નીતિ-ન્યાયનો માર્ગ અપનાવો. તેથી આપણે અવશ્ય સુખી થઇશું. અનીતિના ઘણા ધન કરતાં નીતિનું થોડું ધન પણ સુખ આપનારૂં બને છે.

સુપાત્રમાં આપેલું નીતિનું ધન અનન્ય ફળ આપે છે અને મહાન લાભ પ્રાપ્ત થાય છે.

"જેવો આહાર તેવો ઓડકાર" એ કહેવત અનુસાર અનીતિનું ધન પેટમાં પડે તો બુદ્ધિ બગડે, ધર્મકાર્યમાં ચિત્ત લાગે નહિ માટે આપ મારી વિનંતી માની નીતિનો માર્ગ સ્વીકારો અને અનીતિને તિલાંજલી આપો. આપ છ મહિના મારી વાત માનો અને તેનું ફળ જુઓ.

પુત્રવધૂની વિનય-વિવેકપૂર્વકની ડહાપણ ભરેલી વાણીની અસર વંચક શેઠ પર ઘણી સારી પડી અને તે દિવસથી તેમને વ્યાપાર વ્યવસાયમાં ન્યાય-નીતિથી ચાલવાનો દૃઢ સંકલ્પ કર્યો.

× સોનાની પાંચશેરી ×

ધીમે ધીમે લોકોમાં તેમની સારી છાપ પડવા માંડી, લોકોનો વિશ્વાસ વધવા લાગ્યો, ધંધો વધ્યો અને ન્યાય-નીતિ[illegible]નાં કર્યું.

ન્યાયથી મેળવેલા ધનની પરીક્ષા લેવા માટે શેઠે સોનાની એક પાંચશેરી કરાવીને તેના ઉપર પોતાના નામની મહોર મારી અને પુત્રવધૂના કહેવાથી બજાર વચ્ચે મૂકી દીધી. ત્રણ દિવસ સુધી તે ત્યાં પડી રહી પણ કોઈએ લીધી નહિ તેથી શેઠને ઘણું આશ્ચર્ય થયું.

ફરી સોનાની પાંચશેરી સમુદ્રમાં નાખી દીધી.

એકવાર એક માછીમારની જાળમાં એક મોટું માછલું આવ્યું. આ માછલાના પેટમાંથી પેલી સોનાની પાંચશેરી નીકળી શેઠના નામની મહોર તેના પર જોઈ ગરીબ માછીમાર પાંચશેરી શેઠને આપી ગયો.

નીતિનો આ પ્રત્યક્ષ પ્રભાવ જોઈ શેઠની શ્રદ્ધા દૃઢ બની. પુત્રવધૂનું બહુમાન થયું. હેલાક શેઠનો યશ ચોમેર ફેલાયો. શેઠનું ઉદાહરણ જોઈ લોકો પણ નીતિમાર્ગે વળ્યા. લક્ષ્મીનો સદ્વ્યય થવા લાગ્યો.

પ્રવાસે જનારા વ્યાપારીઓ શેઠ પાસેથી દ્રવ્ય લઈને પ્રવાસે જતાં. તેમની દૃઢ માન્યતા હતી કે શેઠનું ધન નીતિમાર્ગનું છે, માટે જવાનું નથી, તેથી આપણો પ્રવાસ તથા વ્યાપાર નિર્વિઘ્ને સફળ થશે.

વહાણ ચલાવનારા ખલાસીઓ શેઠનું નામ મંગલરૂપ હોવાથી સાગરની સફર સુંદર રીતે થાય તે માટે વહાણ ચલાવતી વખતે "હેલાસા" "હેલાસા" કહેવા લાગ્યા. આ રીતે હેલાક શેઠ વિખ્યાત બન્યા.

× અનીતિનું ધન ×

અનીતિનું ધન ઘાસના પૂળા જેવું છે. ઘાસના પૂળામાં દીવાસળી ચાંપતા અજવાળું થાય છે, પણ થોડી ક્ષણો પછી ઘોર અંધકાર વ્યાપે છે અને તેમાંથી રાખ પણ મળતી નથી. તેવી જ રીતે ભલે અનીતિના ધનથી થોડીવાર અજવાળું લાગે, પણ પછી એ મૂળ સુડીને પણ સાફ કરી જશે એ ન ભૂલવું.

કહ્યું છે કે—

અન્યાયોપાર્જિતંવિત્તં,
દશ વર્ષાણિ તિષ્ઠતિ ।
પ્રાપ્તે ત્વેકાદશે વર્ષે,
સમૂલં તદ્વિનશ્યતિ ।।

અન્યાયથી ઉપાર્જન કરેલું ધન વધુમાં વધુ દશ વર્ષ સુધી રહે છે. અગિયારમાં વર્ષે તો મૂલ મૂડીને લઇને ચાલ્યું જાય છે.

એક મોટર ડ્રાઈવરે કહેલો તેના જીવનનો મહત્વનો આ પ્રસંગ છે. મોટર ડ્રાઈવરના ધંધામાં હોવા છતાં આ ડ્રાઇવર સીધો, સાદો, પ્રામાણિક અને નિર્વ્યસની હતો.

“જીવનમાં સદાય ન્યાય અને નીતિ જાળવનારો હું એકવાર મારો ધરમ ચૂકી ગયો.

રાજકોટથી ભાવનગર એકવાર ખટારો લઇને હું જતો

પરોપકારમાં જેની બુદ્ધિ છે અને જે કૃતજ્ઞ છે એટલે કરેલા ઉપકારને જે ભૂલતા નથી આવા બે જ ગુણથી આ પૃથ્વી ટકી રહી છે.

કૃતજ્ઞતા અને પરોપકારના ગુણને ધારણ કરનાર લોકમાં સર્વશ્રેષ્ઠપણું પામે છે.

જો તમારે જીવનની સૌરભ પ્રગટાવવી હોય તો કૃતજ્ઞતા તથા પરોપકારનો ગુણ કેળવવો પડશે.

મારા ઉપર ઉપકાર કરાનાર પ્રત્યે જો હું સદ્ભાવ ન રાખી શકું તો અપકાર કરનાર ઉપર ઉપકાર કરવાનું બળ મારામાં ક્યાંથી પ્રગટશે!

જો હું મારા ઉપર કોઇએ કરેલા ગુણને પણ નથી જાણતો, નથી સ્વીકારતો, તેનું દેવું ચુકવવાનો વિચાર નથી કરતો તો મારા જેવું નીચ કોઇ નથી. જો કૃતજ્ઞતા ગુણ નહિ આવે તો એક પણ સારો સદ્ગુણ નહિ આવે.

૦ સદ્ગુણની સુગંધ ૦

શેખસાદીએ લખ્યું છેઃ "મેં માટીના એક ઢેફાને પૂછ્યું કે તું તો માટી છે, આટલી બધી સુગંધ તારામાં ક્યાંથી આવી?

ઢેફાએ કહ્યું, "આ સુગંધ કંઇ મારી પોતાની નથી. મને કેટલોક વખત ગુલાબના ક્યારામાં રહેવા મળ્યું હતું. આ સુગંધ ત્યાંની છે." આનું જ નામ કૃતજ્ઞતા.

બીજાના સીધા અથવા આડકતરા સ્હેજ માત્ર ઉપકારને જાણવો, તેનો સ્વીકાર કરવો, વાણીથી પ્રશંસા કરવી અને આ ઉપકારનો બદલો વાળવા સર્વ સુયોગ્ય પ્રયત્નો કરવા.

વરસો પહેલાની રોમ દેશની આ વાત છે.

એક જંગલમાં થઇને તે દેશનો એક તત્ત્વ ચિંતક જઈ રહ્યો હતો. દૂરથી તેણે સિંહની કરૂણ ત્રાડ સાંભળી. થોડી થોડી વારે દુઃખભરી સિંહની ત્રાડો સંભળાઇ.

પેલા તત્ત્વચિંતકને થયું કે સિંહને કંઇ વેદના થઇ રહી છે. તેને દૂરથી જોયું કે સિંહના પંજામાં એક તીક્ષ્ણ કાંટો વાગ્યો હતો. સિંહ પંજો પછાડે અને કાંટાની વેદના થાય એટલે ચીસો પાડે. કાંટો નીકળે નહિ અને પંજામાં વધુ ઉંડો જાય.

આ તત્ત્વચિંતકને દયા આવી. ભગવાનના નામનું સ્મરણ કરી તે ધીરે ધીરે સિંહની પાસે આવ્યો અને સિંહના પંજાને પોતાના હાથમાં લઇ જોરથી કાંટો કાઢી નાખ્યો.

સિંહ પણ તેની સામે ઉપકારની લાગણીથી જોઈ જંગલમાં ચાલ્યો ગયો. સિંહ પણ સમજુ પ્રાણી છે.

આ વાતને ઘણો વખત વીતી ગયો. તે જમાનામાં રોમન સૈનિકો ગુલામોને પકડતા અને આ પકડાયેલા કેદીઓને ભૂખ્યા સિંહ સામે ધરી દેતા. સિંહ આ નિરાધાર મનુષ્યોને ફાડી ખાય તે નજરે જોઇને રોમનોને ખુશી થતી. આવા ક્રૂર ભાવોથી રોમન પ્રજાની થોડા સમયમાં પડતી

થઈ ગઈ અને એક કાળનું મહાન રોમન સામ્રાજ્ય પતનની ખાઈમાં હોમાઈ ગયું.

એકવાર પેલો તત્ત્વચિંતક પણ રોમન સૈનિકોને હાથે પકડાઈ ગયો. આ ટોળાની સામે એક ભૂખ્યા સિંહને છોડવામાં આવ્યો. ટોળામાં સર્વે રડારોળ કરતાં હતા. પેલો તત્ત્વચિંતક નિર્ભયતાથી મૃત્યુની રાહ જોઈ ઉભો હતો.

ભૂખ્યો સિંહ ટોળા પર કૂદી આવ્યો અને એક ભારે આશ્ચર્ય બન્યું. પેલા તત્ત્વચિંતક પાસે ધીરેથી આવીને સિંહ તેનો હાથ પ્રેમથી ચાટવા લાગ્યો.

આ પેલો સિંહ હતો જેના પંજામાંથી કાંટો તત્ત્વચિંતકે બહાર કાઢ્યો હતો.

રોમનોને તેમના જીવનમાં આવું દૃશ્ય જોવા મળ્યું નહોતું. તે દિવસે સર્વ કેદીઓને જીવનદાન આપવામાં આવ્યું.

સિંહ જેવા પશુમાં પણ જો કૃતજ્ઞતાનો ગુણ હોય છે તો પછી મનુષ્ય જો કૃતજ્ઞતા ચૂકે તો પશુથી પણ બદતર છે.

ભલે આપણે ઋણ વાળી ન શકીએ પણ જો ઋણ આપણે સ્વીકારીએ તો ઋણ વાળવાની શક્તિ ક્યારે પણ આવશે.

જે બીજાનો ઉપકાર આપણે ન સ્વીકારીએ તો આત્માના પરિણામો–ભાવોની કોમળતા રહેશે નહિ, નિષ્ઠુરતા આવી જશે.

જે બીજાનો ઉપકાર સ્વીકારતો નથી તે કૃતઘ્ન છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે સર્વ પાપોનું પ્રાયશ્ચિત છે પરંતુ કૃત-

ઘ્નતાનું કોઈ પ્રાયશ્ચિત નથી. કૃતઘ્નતારૂપી પાપ ધોવા માટે પોતામાં કૃતજ્ઞતા જગાડવી પડશે.

કૃતઘ્નતા સંસારમાં ભ્રમણ કરાવે છે અને કૃતજ્ઞતા મોક્ષના માર્ગ તરફ વાળે છે.

× પછી શું? ×

બીજા વિશ્વયુદ્ધનો આ પ્રસંગ છે. અમેરિકન માસિક 'રીડર્સ ડાયજેસ્ટ'માં એ પ્રસિદ્ધ થયો છે. જેના જીવનમાં આ ઘટના ઘટી તેના પોતાના શબ્દોમાં છે.

"હું ફ્રેંચ સૈનિક છું. એકવાર અમે મિત્ર રાજ્યોના સૈનિકો નાઝીઓના હાથમાં પકડાઈ ગયા. મૃત્યુ અમારે માટે નક્કી થઇ ગયું.

અમને દરેકને જૂદી જૂદી એક એક કોટડીમાં પૂરવામાં આવ્યા. આ કોટડી એટલી નાની હતી કે તેમાં ઉભા ન થઇ શકાય અને સુઇ પણ ન શકાય. માત્ર બેસી રહેવું પડે. બેડીઓથી હાથ-પગ બાંધેલા હતા. ભૂખે-તરસે અહિં પડી રહેવાનું હતું.

લશ્કરની બાતમી કઢાવવા માટે નાઝી અફસરો સખ્ત જુલમ કરતા. રાત્રે નાઝી સીપાઇઓના બૂટનો અવાજ સંભળાતો. એકાદ કોટડીમાંથી અમારામાંના કોઇને કાઢીને જમીન પર ઘસડી જવામાં આવતો. નાઝી અફસરોની ઓફિસમાં તેના પર અમાનુષી જુલમ કરવામાં આવતો અને છેલ્લે

બંદુકની ગોળીનો અવાજ સંભળાતો અને નરક વેદનામાંથી એક મિત્ર છૂટ્યો એવું લાગતું.

એક રાત્રે મારી કોટડી પાસે નાઝી સિપાઈઓના પગ અટકયા. બહારથી તાળું ખૂલ્યું. પશુને ખેંચી કાઢે તેમ મને બહાર ખેંચી કાઢી જમીન પર પટકયો અને ઘસડીને લઈ ગયા.

એક કરડા ચહેરાવાળો નાઝી અફસર બેઠો હતો, તેની સામે મને ઉભો કર્યો.

મિત્ર રાજ્યોના લશ્કરની હિલચાલ સંબંધી બાતમી કઢાવવા તેને મને અનેક પ્રશ્નો પૂછ્યા. વચ્ચે વચ્ચે પોતાનો ડંડો સખત રીતે તે મારા વાંસામાં મારતો જાય.

વાતવાતમાં તેને મને પુછ્યુંઃ "તું ફ્રેંચ છે?" મેં હા કહી અને જર્મનિ તથા ફ્રાન્સની સરહદ ઉપરના એક ગામ-ડામાં મારો જન્મ થયો હતો તે વાત મેં કહી.

પેલા ક્રૂર નાઝી અફસરે પૂછ્યુંઃ "એ ગામ વિષે તું શું જાણે છે?"

મેં જણાવ્યું કે એ ગામમાં મારા વૃદ્ધ દાદીમાએ મને ઉછેરીને મોટો કર્યો હતો. મારૂં બાળપણ ત્યાં વીત્યું હતું.

વચ્ચે વચ્ચે ગુસ્સાથી તે નાઝી અફસર બરાડતોઃ "જૂઠો, આ બધું હડહડતું જૂઠું છે." અને એક બે ડંડા મને મારતો અને પૂછતો "એ ગામમાં તું કોને જાણે છે?"

મેં મારા વૃદ્ધ દાદીની વાતો કહી. અમારી પડોશમાં

જોન સ્ટોપેલ નામનો એક દારૂડીઓ રહેતો હતો. તેને જોસેફ નામનો નાનો દિકરો હતો. દારૂડીઓ દારૂ પીને પત્ની તથા દિકરાને મારતો. મારા વૃદ્ધ દાદી નાના જોસેફને અમારા ઘેરે લઈ આવી છાનો રાખતા, ભોજન કરાવતા.

જોન સ્ટોપોલની કમાણી બંધ થઇ પણ એની દારૂની લત છૂટી નહિ. પત્ની બિચારી દીકરાને સાચવતી અને મજુરી કરતી. આ દારૂડીઓ તેણીને મારીને દારૂ પીવા પૈસા લઈ જતો.

એકવાર દારૂડીઆએ પત્નીને એટલો ઢોરમાર માર્યો કે બિચારી મરી ગઇ. નાનો જોસેફ નિરાધાર થઇ ગયો. મારા દાદી તેને સાચવતા, જમાડતા. આ પ્રમાણે જોસેફ મોટો થયો. એકવાર દારૂડીઆ પિતાએ તેને માર્યો અને છોકરો ઘર છોડીને નાસી છૂટ્યો. ઘણી તપાસ કરી પણ તેનો પત્તો લાગ્યો નહિ.

જોન સ્ટોપેલને પુત્ર વિયોગનો આઘાત ઘણો લાગ્યો. તેને દારૂ છોડી દીધો. સુનમુન બનીને પોતાના ઝુંપડામાં તે બેસી રહેતો. મારા વૃદ્ધ દાદી તેનો હાથ પકડી તેને અમારા ઘેર લઇ આવતા. પરાણે ભોજન કરાવતા અને આશ્વાસન આપતાં. તે મુંગોમંતર ખૂલ્લી આંખોએ અંતરિક્ષમાં પોતાના પુત્રને શોધતો હોય એમ બેસી રહેતો.

પછી જોન સ્ટોપેલ માંદો પડ્યો. ત્રણ દિવસ અને રાત મારા દાદીએ તેની ચાકરી કરી અને તે મૃત્યુ પામ્યો.

હું વાત કહે જતો હતો અને પેલો નાઝી અફસર ખરાડા

એકાએક તેમનો ચહેરો ધ્યાનથી જોઈને સરદારે પૂછ્યું: "અરે! તારો ધંધો શું છે?"

"હું જનાવરનો ડૉક્ટર છું." પેલા ભાઈએ પ્રત્યુત્તર વાળ્યો.

આ સાંભળી બધા એકબીજાનાં મોઢા જોવા લાગ્યા. લુટારા સરદારનો અવાજ બદલાઈ ગયો. "અરે, ભાઈ! તમે એ પહેલાં કેમ ન કહ્યું? તમે તો અમારા જીવનદાતા છો. અમારાં ઢોર, અમારી ગાયને જીવતદાન દેનારા તમે! તમારો વાળ સરખો ય વાંકો ન કરીએ. અમને માફ કરો, અમારી મોટી ભૂલ થઈ."

પછી જીપગાડીને ધક્કા મારી બધા સરદારના ઘેર લઈ ગયા. પેલા ભાઈનું સારૂં સ્વાગત કર્યું.

એક વખત આ ગામમાં એક ગાયને વાછરડું જન્મતું ન્હોતું તે મદદ કરવા પેલા ભાઈ ઢોરના ડોકટર તરીકે આવેલા. તેમને ભારે મથામણ પછી ગાય અને વાછરડું બંનેને બચાવેલા.

સરદારે કહ્યું, "તમે મારી ગાય બચાવેલી. તમે કદાચ મને ભૂલી ગયા હશો, પણ હું તમને કેમ ભૂલું? ઉપકાર કરવાવાળાનો ગુણ ભૂલીએ તો જીવતા નરકમાં જવું પડે."

જો કૃતજ્ઞતા આપણા ભાવમાં હશે, આભારના શબ્દોમાં આપણે કૃતજ્ઞતા સ્વીકારીશું અને કાર્ય વડે ઉપકાર કરી

ઓને પ્રેરણા મળશે. પરંતુ જો આપણે કૃતઘ્ન બનીશું, બીજાએ કરેલા ઉપકારનો સ્વીકાર નહિ કરીએ તો ઘણાના સદ્ભાવો ઉપર આઘાત કરીશું અને કેટલાય સત્કાર્યો થતાં અટકાવીશું.

અંગ્રેજી ભાષામાં બે વાકયોનો વપરાશ વધારે છે. Very Sorry! "માફ કરજો" એ ક્ષમાપનાનું સૂચક છે. અને Thank you! "તમારો આભાર!" એ કૃતજ્ઞતાનું સૂચક છે. સાચા ભાવથી બોલાયેલા આ બંને વાકયો જીવનમાં સુગંધ ફેલાવે છે.



૦ સંપાદકની નોંધ ૦

૧

*** ઘણાનો મારા ઉપર ઉપકાર છે. ***

પૃથ્વી પર માનવીનું આગમન શાને કાજે થાય છે તે હું જાણતો નથી, પણ કોઈકવાર લાગે છે કે પ્રભુના કોઈ દૈવી હેતુ અને ક્રમને અનુસરીને જ આપણે આવીએ છીએ.

આપણું સમગ્ર અસ્તિત્વ બીજાઓને સુખી કરવા, એમના દુઃખ ફેડવા અને વેદનાના મહાસાગરમાંથી તારવા માટે જ છે.

કારણ કે આપણું સુખ અન્યના સ્મિત અને સ્વાસ્થ્ય પર જ આધારિત છે.

કારણ કે અનેક અણજાણ આત્માઓના ભાવિ સાથે આપણે સૌ મૂંગી સહાનુભૂતિના તંતુથી સંકળાએલા છીએ.

મને સતત અને તીવ્ર ભાન રહ્યા જ કરે છે કે, હયાત અને બીનહયાત એવા અસંખ્ય માનવીની મહેનતથી મારૂં આંતરિક અને બાહ્ય જીવન ઘડાયું છે, તો હું પણ તેમને સુખી કરવા માટે ઘસાઇ છૂટું–ખપી જઉં.

—આઇન્સ્ટાઇન

૨

૦ સદ્‌વ્યવહારનો પાયો ૦

કૃતજ્ઞતાનો સદ્‌ગુણ મોક્ષમાર્ગ પ્રત્યે વાળે છે. કૃતઘ્નતાનો દુર્ગુણ સંસારમાં ભ્રમણ કરાવે છે.

નિશ્ચયધર્મનો પાયો વ્યવહાર ધર્મ છે. વ્યવહાર ધર્મનો પ્રાણ નિશ્ચયધર્મ છે.

બીજા બધા દોષોનું પ્રાયશ્ચિત છે, પણ કૃતઘ્ન આત્માને પ્રાયશ્ચિત છે જ નહિ, એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

એકાંત નિશ્ચયવાદીઓમાં કૃતજ્ઞતા ગુણ સર્વથા નાશ પામે છે. કારણ કે તેમના મનમાં પર દ્રવ્યના કર્તૃત્વપણાનો સર્વથા નિષેધ છે.

તીવ્ર સંકલેશવાળા જીવોને મંદ સંકલેશવાળા કરવાનો ઉપાય નિશ્ચયનું તત્ત્વજ્ઞાન નથી, પણ સદ્વ્યવહારનું પાલન અને તે માટે જરૂરી તત્ત્વજ્ઞાન છે.

કૃતજ્ઞતા ગુણ સદ્વ્યવહારનો પાયો છે, તેથી ગુરૂ–શિષ્ય ભાવ, પિતા–પુત્ર ભાવ, સ્વામી–સેવક ભાવ સચવાય છે અને તો જ લૌકિક ધર્મ તથા લોકોત્તર ધર્મમાર્ગનું ધારણ પોષણ થાય છે.

સર્વ સમર્પણ ભાવના ઉંચા ભક્તિયોગ રૂપી ફળનું આ કૃતજ્ઞતા ભાવ બીજ છે.

૩

* પ્રભુનું ઋણ *

એકવાર બેંજામિન ફ્રેંકલિનને પૈસાની જરૂર પડી. એક ધનવાન મિત્ર પાસે તેમને વીસ ડોલર માંગ્યા. પેલા મિત્રે વીસ ડોલરની એક સોનામહોર આપી.

કેટલાક સમય પછી ફ્રૅંકલિને વીસ ડોલર ભેગા થતાં વીસ ડોલરની સોનામહોર પાછી આપી. મિત્રે આશ્ચર્યથી કહ્યું, "મેં ક્યારે ય તમને વીસ ડોલર ઉછીના આપ્યા નથી."

ફ્રૅંકલિને તેમને યાદ કરાવ્યું. પેલા મિત્ર બોલ્યા, "પાછા લેવા માટે આ વીસ ડોલર આપ્યા નહોતા. આ સોનાનો સિક્કો તમારી પાસે રાખો. કોઇક દિવસ તમારા જેવો જ પૈસાની જરૂરિઆતવાળો તમારી પાસે આવી ચઢે, તો એને એ આપી દેજો અને કહેજો કે પાછા આપવા જેવી તેની સ્થિતિ થાય ત્યારે તે પણ કોઈ જરૂરિયાતવાળાને આ પ્રમાણે વિનંતિ કરીને આપે."

કહેવાય છે કે, યુનાઇટેડ સ્ટેટ્સ્ અમેરિકામાં વીસ ડોલરની એ સોનામહોર આજે પણ કોઇકને કોઇકની જરૂરિયાત પૂરી કરતી ફરી રહી છે!

મારા એક મિત્ર આજે ઘણા સુખી છે. તેમના અનુભવનો એક પ્રસંગ આ પ્રમાણે છે.

નાનપણમાં સ્થિતિ એટલી ખરાબ કે મુંબઇ આવવાના ટિકિટના રૂપીઆ પાડોશી પાસેથી ઉછીના લઇને આવ્ય હતા. કેટલાક વરસે થોડી બચત થતાં દેશમાં પેલા પાડોશી સજ્જનને રૂપીઆ પાછા આપવા ગયા, ત્યારે તેમને કહ્યું "ધંધા માટે ઘણા વરસો પહેલાં એક વૃદ્ધ સજ્જનના રૂપીઆ મેં ઉછીના લીધા હતાં. વ્યાજ સાથે જયારે રકમ પાછી આપવા ગયો ત્યારે તેમને મને એક વિનંતિ કરી.

"આ રકમ તમારી પાસે રાખો. જરૂરિઆતવાળાને એ શરતે આમાંથી રૂપીઆ આપવા કે તે આપણો આભાર માને નહિ. આ વાત ગુપ્ત રાખે. પોતે પ્રાર્થના ભગવાનની કરે, આભાર માને તથા બીજાને ઉપયોગી થવાની ભાવના કરે અને પોતાની સ્થિતિ સારી થાય ત્યારે પોતે પણ બીજાને આ શરતે રૂપીઆ આપે. આ પ્રભુનું ઋણ છે. આને ધર્માદા રૂપીઆ માનશો નહિ. આની સદ્પરંપરા ચાલુ રાખજો."

આ વાત કહેતાં મારા મિત્રે મને કહ્યું, કિરણભાઈ! પ્રભુના ઋણની આ પરંપરામાં કંઇક ચમત્કાર છે. ટિકિટના રૂપીઆ પેલા પાડોશીએ પાછા ન લીધા. "પ્રભુનું ઋણ" એટલું કવર પર લખી કવર મને પાછું આપ્યું. પ્રભુનો આભાર તથા જરૂરીઆતવાળાને ઉપયોગી થવાનો ભાવ–આ બે શરતથી મારી સ્થિતિ સુધરતી ગઇ. પેલા કવરમાં હું રૂપીઆ વધારતો જ ગયો અને જરૂરીઆતવાળાને એ શરતે આપતો જાઉં છું. ચમત્કાર એ છે કે, "પ્રભુનું ઋણ" લેનાર દરેક વ્યક્તિ કૃતજ્ઞતાના સ્વીકારથી અને બીજાને ઉપયોગી થવાની પ્રાર્થનાથી પોતે સુખી બની જાય છે."

૪

° નીતિશાસ્ત્રનું સત્વ °

સર્વ નીતિશાસ્ત્રોનું સત્ત્વ કૃતજ્ઞતા ગુણ છે.

વ્યવહારના સંબંધોમાં સ્થૂલ ઉપકારનું મહત્વ છે. તેથી

વિશેષ આધ્યાત્મિક સૂક્ષ્મ ઉપકારનું મહત્વ માગ્યું છે અને તેથી જ શાસ્ત્રનું, ધર્મનું, સદ્‌ગુરુઓનું તથા પરમાત્માનું કૃતજ્ઞતાના ભાવપૂર્વક બહુમાન કરવાનું છે.

પ્રત્યેક સદ્‌વિચાર માટે આપણે પરમાત્માનો-જેમને સન્માર્ગ પ્રકાશ્યો તેમનો-ઉપકાર માનવાનો છે, જે સદ્‌ગુરુઓએ શાસ્ત્રરૂપે ગૂંથ્યો તેમનો ઉપકાર માનવાનો છે અને જે સત્પુરુષોએ સંયમ દ્વારા જીવનમાં પ્રગટાવવા પ્રયત્ન કર્યો. તેઓ સર્વે આપણા પરમ ઉપકારી છે.

એક સમ્યગ્ વિચાર જેની પાસેથી આપણે પ્રથમ સાંભળ્યો, જેના નિમિત્તે એ સાંભળ્યો, તેમનો ઉપકાર પણ ઓછો નથી.

જો આ કૃતજ્ઞતા ગુણનું મહત્વ આપણે નહિ સમજીએ તો આ સમ્યગ્ વિચાર આપણા આચારમાં નહિ પલટાય.

જો જાણી બુઝીને આ ઉપકારીપણાના ભાવની આપણે ઉપેક્ષા કરીએ તો આ સમ્યગ્‌વિચાર આપણો બનતો નથી. માત્ર સ્મૃતિની વિગતો રૂપે રહે છે.

૫

× કૃતજ્ઞતા ભર્યું હૃદય ×

O Thou who has given us so much, mercifully grant us one thing more-a grateful heart.

હે કરૂણાનિધાન! તેં અમને આટલું બધું આપ્યું છે, તો કૃપા કરીને એક વસ્તુ અધિક આપ-'કૃતજ્ઞતા ભર્યું હૃદય.'

જો આપણું હૃદય કૃતજ્ઞતા ભર્યું હોય તો મળ્યું તે સર્વ સાર્થક છે, નહિતો સર્વ કંઇ નિરર્થક છે.

જેનામાં કૃતજ્ઞતા નથી તેને માનવી શી રીતે કહેવાય

૬

○ સર્વનું ઋણ ○

COSMIC OBLIGATION

"આપણને જે કંઇ મળ્યું છે, તે આપણા પુણ્યથી મળ છે, આપણી સાધનાનું ફળ છે. તેમાં બીજાની સહાય નથી આ વિચાર અહંભાવને પોષે છે.

અનેકનો સહકાર, શુભેચ્છા અને સહાય આપણે લીધા છે, તે વાતનો સ્વીકાર ન કરવો–તે પ્રત્યે કૃતઘ્ન રહેવું એ ગુન્હો છે. આપણા પોતાના વિકાસમાં મોટું વિઘ્ન છે. આપણે સૂક્ષ્મપણે વિચારવું જોઇએ કે આપણા વિકાસ માટે આપણે અન્યની કેટલી બધી સહાય લીધી છે!

સહાય લેવી કે ન લેવી, તે આપણી ઈચ્છા ઉપર નિર્ભર નથી. પ્રત્યેક જીવે આ સહાય લીધેલી જ છે. આ આપણું વિશ્વના સર્વ જીવો પ્રત્યેનું ઋણ Cosmic Obligation છે. જ્યાં સુધી સંસારમાં આપણે છીએ ત્યાં સુધી આપણે અન્ય જીવોનું ઋણ લઇએ જ છીએ.

બીજા જીવોની જે સહાય લીધી છે, કે લઈ રહ્યા છીએ, તે માટે આપણે સર્વ જીવોના જબ્બર ઋણી છીએ, એવો

કૃતજ્ઞભાવ સ્પર્શવો જોઈએ અને બીજા માટે પરોપકાર રૂપે આપણે જે કંઇ કરી રહ્યા છીએ. તે આપણી અનિવાર્ય ફરજ છે, આ ભાવ સ્પર્શવો જોઇએ.

પરમાત્માની આપણા ઉપરની અપાર કરૂણા ઓળખવા માટે સર્વ જીવોનું પ્રત્યે ઋણ Cosmic Obligation સ્પર્શવું જોઇએ અને તેમાંય પરમાત્મા પ્રત્યેનું ઋણ, સદ્ગુરુઓ પ્રત્યેનું ઋણ તથા ઉપકારી માતા-પિતા પ્રત્યેનું ઋણ સતત સ્પર્શવું જોઇએ.

કૃતજ્ઞતાનો ભાવ Law of Cosmic Obligation તથા પરાર્થકારિતાનો ભાવ Law of Sacrifice બંને એકબીજાના પૂરક છે.

કૃતજ્ઞતા અને પરોપકાર વિના કોઇ પણ પ્રકારની સાધના સજીવ નહિ બને, સફલ નહિ બને.

જીવનની સુગંધ પ્રગટાવવાના કાર્યમાં કૃતજ્ઞતા અને પરોપકાર પાયામાં છે.

કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ્યા પછી પરાર્થકારિતા એટલે પરોપકાર બોજારૂપ કે અહંભાવને વધારનાર નહિ બને, પણ સુખરૂપ-આનંદરૂપ બનશે.



(૭)

❋ પરોપકારનું પિયૂષ ❋



અમેરિકાના પ્રમુખ અબ્રાહિમ લિંકનની આ વાત છે.

લિંકન એક દિવસ સેનેટની બેઠકમાં જઈ રહ્યા હતા. તેમણે જોયું કે એક સુવર કીચડમાં ખૂંચી ગયું હતું. પ્રયત્ન કરવા છતાં તે બહાર નીકળી શકતું ન હતું. પોતાની ગાડી ઉભી રખાવી લિંકન નીચે ઉતર્યા. લોકોનું ટોળું એકઠું થયું હતું. બધા ઉભા રહી આ કરૂણ દૃશ્ય જોતા હતાં.

લિંકને જાતે તે સુવરને બહાર કાઢયું. કીચડ વડે કપડા ખરડાયા હતા. સેનેટની બેઠકનો સમય થઈ ગયો હતો. લિંકન તે જ કપડે સેનેટમાં ગયા. સેનેટના સભ્યોને આશ્ચર્ય થયું. ગાડીના ડ્રાઈવર પાસેથી વાત સાંભળી ત્યારે બધા લિંકનને ધન્યવાદ આપવા લાગ્યા.

લિંકને કહ્યું, "મેં તે સુવરનું દુઃખ ઓછું નથી કર્યું" પરંતુ તેને જોઈ મને જે દુઃખ થયું તે દૂર કર્યું છે, એટલે મેં મારૂં જ દુઃખ દૂર કર્યું છે!"

જ્યારે આપણે પરોપકાર કરીએ છીએ, બીજાનું હિત કરીએ છીએ ત્યારે આપણે આપણા પોતાના ઉપર જ ઉપકાર કરી રહ્યા છીએ.

તમે જ્યારે બીજાની કલ્યાણ કામના કરો છો ત્યારે તમારા પોતાના કલ્યાણનો માર્ગ ઉઘાડો છો.

લાચોલા નામનો ચિંતક કહે છે કે, "ઉપકાર કરવો એટલે દેવું ચૂકવવાની તક મળી છે. ઓની ભાવના સાથે પારકાના દુઃખમાં ભાગ લેવો."

૦ પરોપકાર એ માનવીની ફરજ છે. ૦

શાસ્ત્રોમાં વારંવાર કહ્યું છે કે, 'પરોપકારાય સતાં વિભૂતયઃ' અને 'પરોપકારાર્થં મિદં શરીરમ.' આ સૂત્રો વડે કોઇ પણ સંયોગોમાં જીવનને પરોપકારના રંગથી રંગાવામાં જ માનવ જીવનની સાર્થકતા સમજાય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, "પોતાનું પેટ ભરવામાં સંતુષ્ટ છે અને બીજાનો જેને કંઈ જ વિચાર નથી તે નીચ છે. પોતાના સંબંધીઓનું પેટ ભરનારા મધ્યમ છે અને ઉત્તમ મનુષ્યો તે છે કે જેઓ ત્રણ ભુવનને ઉપકાર કરનારા છે. ઉત્તમ પુરુષોને સ્વ અને પર એટલે પોતાના તથા પારકાનો ભેદ હોતો નથી." આથી સમજાય છે કે જે મનુષ્ય પરોપકાર કર્યા વિના જીવન જીવે છે તેને પશુથી પણ હલકો કહ્યો છે.

વળી કહ્યું છે કે, "બીજાના કાર્યમાં ઉપયોગી થનાર તણખલું કે રાખ પણ સારા ગણાય. પરંતુ કોઇના ય ઉપયોગમાં ન આવનાર એવો મનુષ્ય તણખલા કે રાખથી પણ નીચો છે."

સંસારમાં સર્વ જીવોમાં મનુષ્ય શ્રેષ્ઠ ગણાય છે, કારણ કે બીજા જીવો પરોપકારના કાર્યો સ્વેચ્છાએ કરી શકતા નથી. જ્યારે મનુષ્ય સ્વેચ્છાએ પોતાની ઈચ્છાથી પરોપકાર કરી શકે છે. મનુષ્યને કુદરત પાસેથી આટલી સ્વતંત્રતા મળી છે તો પણ જો તે પરોપકાર ન કરે તો તે સર્વ જીવોમાં અધમ બને છે.

૦ વહેતું ઝરણું બનું ૦

લિયો ટોલ્સટોયે કહ્યું છે કે, "હું મહાન લેખક બનું, કવિ બનું કે કરોડપતિ બનું, પણ તેથી બીજાને શું?

મહાન બનીને પોતાની મહાનતાનો અહંકાર કરી એકાકી Lonoly રહેવા કરતાં મનુષ્ય બનીને નમ્રતાપૂર્વક મનુષ્યના દુઃખ દૂર કરનારી સેવામાં જ મને તો સાર્થકતા દેખાય છે.

પર્વતોની વચ્ચે ઘેરાયેલા મહાસરોવરની જેમ હું રૂંધાઇ રહેવા ઈચ્છતો નથી કે મારો લાભ ત્યાં આવેલો કોઇ મનુષ્ય જ લઈ શકે. હું તો નાનકડું ઝરણું બનવા માંગુ છું, કે દોડીને દીનદુઃખી માનવો પાસે પહોંચી જઉં, એમના ચરણોને પખાળી શકું એમના મેલ ધોઇ શુદ્ધ બનાવી શકું, છતાં ય મનમાં લગીરે ય અભિમાન ન લાવું.

સેવા કરનાર તરીકેના અભિમાનને અંતરમાં ન લાવું, પણ સેવાની તક સાંપડ્યાની નમ્રતાને હૈયામાં છલકાવ્યા કરૂં.

* સ્વમાનપૂર્વકની સહાય *

અમૃતસરના લાલા સંતરામજીના જીવનનો એક પ્રસંગ છે.

બ્રીટીશ સમ્રાટ્ રાજા એડવર્ડ સાતમા તરફથી તેમને નગરશેઠનું પદ મળ્યું હતું.

તેમનો રેશમનો વ્યાપાર હતો. ચીન અને તાસ્કંદથી રેશમ મંગાવી વ્યાપારીઓને વેચી આડતનું કામ કરતાં.

તેઓ દયાળુ અને ધર્માત્મા હતા. સૌને તેમના તરફ પૂજ્યભાવ હતો.

તેમની દુકાનમાં રેશમ સાફ કરતાં જે રેશમનો કચરો નીકળતો તેનો એક જગ્યાએ ઢગલો કરાવી રખાવતા. એક વૃદ્ધ મનુષ્ય આ ઢગલાના પૈસા ચૂકવી રોજ તેને ભરી જતો.

આ વૃદ્ધ ઘણો ગરીબ હતો. રેશમનો કચરો બીજે વેચી પૈસા લાલા સંતરામને ચૂકવી બીજો ઢગલો લઈ જતો.

એક દિવસ આ વૃદ્ધ રેશમનો કચરો ખરીદવા લાલા સંતરામજીની દુકાને આવ્યો હતો. ત્યારે ત્યાં બેઠેલા એક સજ્જને આ વૃદ્ધની લાલાજીને ભલામણ કરતાં કહ્યું: "આ વૃદ્ધની એકની એક દીકરીનું લગ્ન લીધું છે, પણ તેની પાસે પૈસા નથી. ગરીબ છે છતાં ખાનદાન છે. કોઈની સામે હાથ લાંબો કરતો નથી. હક્ક વિનાનું લેતો નથી."

એ વાતને દિવસો વીતી ગયા. એક દિવસ લાલા સંતરામે પેલા વૃદ્ધને કહ્યું: "ભગતજી! આજે રેશમનો કચરો

તો નીકળ્યો નથી, પણ ઉંદરોએ એક રેશમની ગાંસડીને નુકશાન કર્યું છે. તમે અંદર ચાલો અને ગાંસડી જુઓ.

પેલા વૃદ્ધે કહ્યું: "શેઠ સાહેબ! હું તો બે ચાર રૂપિયાનો સોદો કરનાર ગરીબ માણસ છું. આટલી મૂલ્યવાન ગાંસડી ખરીદવાની મારી શક્તિ નથી."

લાલાજીએ કહ્યું: "તમે ગાંસડી તો જૂઓ. કિંમતનું પછી થઇ રહેશે."

વૃદ્ધે ગોડાઉનમાં જઇ ગાંસડીની હાલત જોઈ કહ્યું: "શેઠ સાહેબ, ગાંસડીને ઉંદરોએ કાપી નાખી છે. સો રૂપીઆ કિંમત ગણાય."

લાલાજી બોલ્યા: "પાંચસો રૂપીઆની ગાંસડીના ફક્ત સો રૂપીઆ?"

વૃદ્ધે કહ્યું: "વધુ કિંમત તો ન આવે."

લાલાજીએ કહ્યું: "તમે મજુર બોલાવી ગાંસડી ઉપાડી જાઓ. ધીમે ધીમે વેચી સો રૂપીઆ હપ્તે હપ્તે ભરી દેજો."

વૃદ્ધ ગાંસડી ઘેર લઈ ગયો. ગાંસડી ખોલીને જોયું તો ઉપર ઉપરનો માલ ઉંદરોએ કાતરી ખાધો હતો. બાકી અંદરની થપ્પીઓ આખી જ હતી.

ગાંસડી ઉપડાવી પેલો વૃદ્ધ લાલાજીની દુકાને લઇ આવ્યો અને કહ્યું: "શેઠ સાહેબ! ગાંસડી તો અંદરથી આખી જ છે. તમને તેની પૂરી કિંમત ઉપજી જશે."

લાલાજી બોલ્યા: "મેં તો સો રૂપીઆમાં તમને વેચી દીધી. હવે હું પાછી ન લઉં."

વૃદ્ધ કહે: "આખી ગાંસડી હું કચરાના ભાવમાં કેમ ખરીદી શકું?"

લાલાજી બોલ્યા: "તમને નુકશાન થયું હોત અને સો રૂપીઆ ન ઉપજ્યા હોત તો હું કંઇ સો રૂપીઆ છોડત? તમારા નશીબનું તમે ખાઓ."

વૃદ્ધને દીકરીના લગ્નનો ખર્ચ નીકળી ગયો.

સ્વમાનપૂર્વક સહાય કરવા માટે લાલાજીએ પોતે જ આખી ગાંસડી પર કાતર ચલાવી હતી.

ધન્ય છે તેઓને જે સહાયતા લેનારની આંખો નીચી થવા દેતાં નથી અને પોતાના મનમાં ય સહાય કર્યાનો અહંકાર આવવા દેતાં નથી.

× પરોપકાર પાયાનો ધર્મ છે. ×

સ્વાર્થ વિના પારકાનું કાર્ય કરવામાં તત્પર થવું તે પરોપકાર છે. પરોપકાર પરાયણ મનુષ્યનું દર્શન પણ પવિત્ર કરે છે.

પોતાની શક્તિ પ્રમાણે જેટલો બને તેટલો પરોપકાર કરવો એ મનુષ્ય જીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.

જે ઉપકારીના ઉપકારને ભૂલી જનારા છે તેઓ અધમ છે. જે મનુષ્યો ઉપકારી પ્રત્યે પણ અપકાર કરનારા છે તે અધમાધમ છે.

પોતાના ઉપર ઉપકાર કરનાર પ્રત્યે જેઓ અવશ્ય પ્રતિ ઉપકાર કરે છે તેઓ ઉત્તમ છે. જેઓ અપકારી પ્રત્યે પણ ઉપકાર કરનારા નિઃસ્વાર્થ પરોપકારી છે તેઓ ઉત્તમોત્તમ છે.

શ્રી ધર્મરત્ન પ્રકરણમાં સ્વ-પર ઉપકાર કરવામાં સત્ત્વ-વાળા અક્ષુદ્ર-ગંભીર જીવને ધર્મ પામવા માટે યોગ્ય કહ્યો છે.

પરોપકાર-ધર્મ પામવા માટેની યોગ્યતાના પાયામાં રહેલો છે.

ભક્તકવિ નરસિંહ મહેતાએ વૈષ્ણવજનની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે—

"વૈષ્ણવ જન તો તેને રે કહીએ,
જે પીડ પરાઇ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે."

"ઉપકાર" ઘણો સુંદર શબ્દ છે, પણ કયારેક ઉપકાર કરનારમાં ઉપકાર કર્યાનો અહંકાર આવી જાય છે. આપણાથી થઇ શકે તેટલી મન, વચન, કાયાથી બીજાને મદદ કરવી. આપણે ગમે તેટલી મોટી મદદ કરીએ તો પણ તે મદદ તો ગૌણ જ રહેશે. મુખ્ય મદદ, કૃપા, સહાય તો પરમાત્માની જ રહેશે.

આપણે થોડીક મદદ કરીએ પણ તેનો અહંકાર આવે તો આપણે પરમાત્માને ગૌણ ગણ્યા.

બીજાના દુઃખની આપણને અનુકંપા થાય, થઈ શકે

આપણે મદદ કરીએ. મદદ કરી શકવાનો આપણને લાભ મળ્યો એમ માનીએ અને લગીરે ગ અહંકાર આવવા ન દઇએ.

શ્રી ઉપદેશરત્નાકરની પીઠિકામાં કહ્યું છે કે,

પરોપકારઃ સતતં વિધેયઃ,
સ્વશક્તિતો હ્યુત્તમ નીતિરેષા ।
ન સ્વોપકારાચ્ચ સ ભિદ્યતે તત્,
ત્વં કુર્વતૈતદ્ દ્વિતયં કૃતં સ્યાત્ ॥

પોતાની શક્તિ અનુસાર પરોપકાર હંમેશા કરવો જોઇએ. કારણ કે એ ઉત્તમ પુરૂષોની નીતિ છે. પરોપકાર એ પોતાના ઉપકારથી જૂદો નથી. માટે પરોપકાર કરવા વડે સ્વ ઉપકાર અને પર ઉપકાર બન્ને કરાય છે.

* મેઘકુમાર *

શ્રેણિકરાજાના પુત્ર મેઘકુમારે શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી.

પહેલી જ રાત્રે મેઘકુમાર મુનિનો સંથારો એટલે સુવાની જગ્યા બારણા પાસે આવી. તેથી બહાર જતાં આવતાં મુનિઓના ચરણ તેમના શરીરને લાગતાં. તેમનો સંથારો–સુવાની પથારી રજ વડે વ્યાપ્ત થઇ ગઈ. આખી રાત નિંદ્રા આવી નહિ. તેમને વિચાર કર્યો કે, "સવારે પ્રભુની આજ્ઞા લઇને વ્રત છોડી દઇશ! આવો વિચાર કરતાં કરતાં મેઘકુમારે માંડમાંડ રાત વીતાવી.

સવારે વ્રતને છોડવાની ઈચ્છાથી તે પ્રભુની પાસે આવ્યા.

પ્રભુ બોલ્યાઃ 'હે મેઘ! તું વિંધ્યાચળમાં એક હાથી

હતો. ત્યાં વનમાં વારંવાર દાવાનળ લાગતો, અનેક પશુ-પક્ષીઓ બળી મરતાં તને વિચાર આવ્યો કે તણખલા, છોડવા, વૃક્ષો વગેરે ઉખાડીને કેટલીક ભૂમિ બીલ્કુલ સપાટ કરવામાં આવે તો દાવાનળથી રક્ષણ કરી શકાય. તેં એવી રીતે સપાટ જમીન તૈયાર કરી.

એકવાર દાવાનળ પ્રગટ થયો. મૃગ વગેરે પશુઓ રક્ષણ માટે આ સપાટ જગ્યામાં ખીચોખીચ ભરાઈ ગયા. તું પણ ત્યાં ઉભો હતો. તને શરીરે ખુજલી આવતા તેં એક પગ ઉંચો કર્યો ત્યારે પરસ્પર જકડાઇને રહેલા પ્રાણીઓમાં એક સસલો તારા પગવાળી જગ્યાએ આવીને ઉભો રહ્યો. પગ પાછો મૂકતાં તને થયું કે સસલો કચડાઈ જશે. દયાપૂર્ણ હૃદયવાળો તું પેલા સસલાના પ્રાણની રક્ષા માટે એક પગ અદ્ધર રાખીને ત્રણ પગે ઉભો રહ્યો. અઢી દિવસે દાવાનળ શાંત થયો તેથી તે સસલા વિગેરે પ્રાણીઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

ક્ષુધા, તૃષાથી પીડિત એવો તું પાણી માટે દોડવા ગયો, પરંતુ લાંબા કાળ સુધી ત્રણ પગે ઉભા રહેવાથી તારો ચોથો પગ અકડાઈ જવાને લીધે તું ચાલી શક્યો નહિ અને પૃથ્વી પર પડી ગયો.

ભૂખ અને તરસના દુઃખથી તું મૃત્યુ પામ્યો, પરંતુ સસલા ઉપર કરેલી દયાના પુણ્યથી રાજપુત્ર થયો છે.

ભગવાનની વાણી સાંભળી મેઘકુમાર દૃઢપણે મનમાં સ્થિર થયા.

કોઈ પણ ભવમાં કરેલો થોડો પણ પરોપકાર નિષ્ફળ જતો નથી.

૦ સર્વથી મહાન ૦

ચીનના સમ્રાટ્‌ને મહાત્મા કોન્ફ્યુશિયસ્‌ પર અગાધ ભક્તિ હતી.

એકવાર સમ્રાટે પૂછ્યું: "ગુરુદેવ, પ્રવચનમાં આપે કહ્યું કે દેવોથી પણ વધુ મહાન વ્યક્તિઓ આ ધરતી પર છે. કૃપા કરીને મને એવી મહાન વ્યક્તિઓના દર્શન કરાવો."

કોન્ફ્યુશિયસે કહ્યું: "એ માટે આપને ક્યાંય જવાની જરૂર નથી. તમે પોતે જ એક મહાન વ્યક્તિ છો, કારણ કે સત્ય જાણવા માટે જે તત્પર છે તે મહાન વ્યક્તિ જ છે."

સમ્રાટ્‌ બોલ્યા: "પણ ગુરુદેવ! હું તો મારાથી પણ મહાન વ્યક્તિને જોવા ઇચ્છું છું."

કોન્ફ્યુશિયસે કહ્યું: "એવી મહાન વ્યક્તિ હું પોતે જ છું. કેમકે મને સત્ય ઉપર પારાવાર પ્રેમ છે.

જેને સત્ય ઉપર પારાવાર પ્રેમ પ્રગટ્યો છે તે વ્યક્તિ સત્ય માટેની તત્પરતા છે તેના કરતાં વિશેષ છે."

સમ્રાટ્‌ બોલ્યા: "ગુરુદેવ! મને આપથી પણ વિશેષ મહાન વ્યક્તિના દર્શન ન કરાવો?"

થોડે દૂર એક અત્યંત વૃદ્ધ ડોશીમા ધીમે ધીમે કૂવો ખોદી રહ્યાં હતાં.

એ દૃશ્ય તરફ સમ્રાટનું ધ્યાન ખેંચતા કોન્ફ્યુશિયસે કહ્યુઃ "પેલા ડોશીમા હવે કેટલો કાળ કાઢશે! બીજાઓની તરસ છીપાય તે માટે તે કૂવો ખોદી રહ્યા છે!"

કેવળ પરોપકારની ભાવનાથી જે લોકો પરમાર્થના કાર્યો કરી રહે છે તે જ સૌથી શ્રેષ્ઠ અને મહાન છે. આપને દર્શન કરવાં હોય તો એ ઉત્તમ વ્યક્તિના દર્શન કરીને પાવન થાઓ."

× ધુપસળી ×

તમારૂં જીવન ધૂપસળી જેવું બનાવો. ધૂપસળી પોતાની જાતને બાળીને સુગંધ આપે છે. પોતે જાતે ભસ્મીભૂત થઇને પણ વાતાવરણને સુગંધિત કરે છે. તેનો એક એક કણ બળતો હોય તો પણ પોતે સુગંધ આપતી રહે છે.

ધૂપસળી તમને બોધ આપે છે કે તમારૂં જીવન પોતોનું બલિદાન આપીને બીજાને સુખી કરવા માટે છે. તમને જીવન પરોપકાર કરવા માટે મળ્યું છે, સ્વાર્થ માટે નહિ જ.

તમારૂં જીવન તમારા પોતા માટે નથી જ, સાચી રીતે બીજા માટે છે. સૂક્ષ્મપણે તમે વિચારશો તો સમજાશે કે પરોપકારમાં જ મનુષ્યનો પોતાના ઉપર ઉપકાર સમાયેલો છે.

ધૂપસળીની જેમ પરોપકાર વડે જીવનની સુગંધ પ્રગટાવો.



૦ સંપાદકની નોંધ ૦

૧

* મંગલ કામના *

કોઈનો નાનામાં નાનો ઉપકાર ભૂલવો નહિ અને કોઈએ કરેલા મોટામાં મોટા અપકારને યાદ કરવો નહિ.

સુખ અને શાંતિનો આ રાજમાર્ગ છે.

સુખ અને શાંતિ એવું અત્તર છે કે બીજા ઉપર તે જેટલું વધારે છાંટશો તેટલી સુગંધ તમારામાં પ્રગટશે.

સુખ અને શાંતિના આ રાજમાર્ગ ઉપર આપણું સર્વેનું જીવન સુગંધમય બની રહો.

પોતાના સુખમાંથી બીજાને ભાગ આપો અને બીજાના દુઃખમાં પોતે ભાગ લો.

પેલું વૃક્ષ, પેલી ધૂપસળી અને પેલું ચંદન કાષ્ઠ મુંગા રહીને મહત્વની વાત કહે છે કે, "સહી લેજો, બળી જજો, અને ઘસાઈ છૂટજો."

આપણા સર્વેના જીવનમાં સહનશીલતા, કૃતજ્ઞતા, અનુકંપા અને પરોપકાર પ્રગટ થાઓ !

સંપત્તિ ક્રોડાની હોય, પણ જો ગુરૂજનોના, વડીલોના આશિર્વાદ ન હોય, દીન દુઃખી પ્રત્યે અનુકંપા ન કરી હોય, પરોપકાર ન આચર્યો હોય, પારકાના હિત અર્થે

કંઇજ ન કર્યું હોય તો અંતરમાં સુખ અને શાંતિ પ્રાપ્ત થતાં નથી.

આપણી સર્વેની સંપત્તિનો, શક્તિઓનો પારકા અર્થે પરોપકારમાં સદુપયોગ થાઓ !

લેવામાં જે સુખ મળે છે તે ક્ષણિક હોય છે, જ્યારે હિતપૂર્વક બીજાને આપવાથી પ્રાપ્ત થતું સુખ જ જીવનભર જળવાઈ રહે છે.

મને બીજા કેટલા ઉપયોગી થાય છે એમ વિચારવા કરતા હું બીજાને કેટલો ઉપયોગી થઈ શકું એમ છું, આ વિચાર જીવનમાં પ્રકાશ લાવે છે.

આપણું સર્વેનું જીવન આવા લોકોત્તર પ્રકાશથી ભરપુર બનો !

જેની આંખમાં કરૂણા છે, હૃદયમાં વાત્સલ્ય છે, વાણીમાં ગુણાનુવાદ છે અને જીવનમાં પરોપકાર છે તેના વડે જગત પવિત્ર થયેલું છે.

આ પરમ પ્રેમ આપણા સર્વેના જીવનને છલોછલ ભરી રહો !

એ જ મંગલ કામના !



(૮)

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ગૌરવ

ભારતનો આજનો નવો ભણેલો વર્ગ આપણી સંસ્કૃતિ તથા ધર્મની મશ્કરી કરે છે. તેને સાધુઓની સુગ છે. મંદિરો અને ઉપાશ્રયોને તે નિરર્થક માને છે. ધર્મકથાઓ તેને ગપ્પા લાગે છે. પ્રાચીન સાહિત્યની તે હાંસી ઉડાવે છે. ધર્મ વિધિઓનો તે તીરસ્કાર કરે છે. જૂના રીવાજોને તે ફેંકી દેવા માંગે છે.

આ નવા વર્ગને ભારતની સંસ્કૃતિ અને સંસ્કાર ધનનો પરિચય નથી.

ભારતીય સંસ્કૃતિ અને ધર્મભાવનાનો પ્રભાવ સેંકડો વરસો સુધી જગતમાં કેટલો ઉજ્જવલ હતો, દુનિયાના દેશોમાં ભારત પ્રત્યે કેટલો બધો આદર હતો તથા ભારતીય આદર્શોનો શું પ્રભાવ હતો તે ઇતિહાસના પાનાઓમાં સુવર્ણાક્ષરે લખાયું છે.

ક્યાં આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ક્યાં આપણું આજનું પતન !

પ્રાચીન ગૌરવ ગાથા આપણને જગાડે છે, આપણી નિરાશાને દૂર કરે છે, આપણી ભ્રમણાઓ ભાંગે છે, નિરાશા

દૂર થાય છે અને ભાવિનું નવું જીવન ઘડવાની શ્રદ્ધા જન્મે છે.

એક હિંદી કવિએ તેમના "ભારત-ભારતી" નામના પ્રખ્યાત કાવ્યમાં કહ્યું છે કે,

હમ કૌન થે? ક્યા હો ગયે હૈં?
ઔર ક્યા હોંગે અભી?
આવો વિચારે આજ મીલ કર,
યે સમસ્યામેં સભી.

૦ ધર્મનો પ્રભાવ ૦

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ-બ્રહ્મદેશ, સીંગાપુર, જાવા સુમાત્રા, બાલી, ઈન્ડોનેશીયા, બોર્નિયોમાં પ્રતિષ્ઠા પામી હતી. અફ્ગાનીસ્તાન, ઈરાન, એશિયા, માયનોર, ચીન અને જાપાન સુધી ફેલાઇ હતી. મધ્ય તેમજ દક્ષિણ અમેરિકાના દેશો સુધી ગઈ હતી.

આપણી સંસ્કૃતિમાં ધર્મ અને નીતિના, સદાચાર અને સંસ્કારના એવા અદ્ભૂત તત્વો હતા જેથી પ્રાચીન કાળમાં સારૂય વિશ્વ ભારતને ગુરૂ તરીકે સ્વીકારતુ. નવું જ્ઞાનવિજ્ઞાન ભારત પાસેથી મેળવતું, જીવન જીવવાનું માર્ગદર્શન ભારત પાસેથી પામતું.

પ્રાચીન ભારતની વાણીમાં સત્ય હતું, ધર્મનો પ્રભાવ હતો, તત્વનું દર્શન હતું

ભારતીય સંસ્કૃતિએ શીખવ્યું કે મનુષ્ય જીવન દુર્લભ છે. જે જીવન પ્રાપ્ત થયું છે તેનો સદુપયોગ કરો. જીવન ભોગવિલાસ માટે મળ્યું નથી. આત્માનો પ્રકાશ પ્રગટાવવા માટે મળ્યું છે. આત્મા છે, પુનર્જન્મ છે, પોતાના કર્મો પોતાને ભોગવવા પડે છે, અંતિમ ધ્યેય મોક્ષ છે. આ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય છે.

ક્રોધ ન કરવો. ક્ષમા કરવી. હિંસા ન કરવી. જીવમાત્રને પોતાતુલ્ય ગણવા. રાગદ્વેષ મોહ ન કરવા. વેરથી વેર શમતું નથી. અંતે સત્યનો જય છે. જ્યાં ધર્મ છે ત્યાં સુખ છે.

આ જ્ઞાન ભારતે જગતમાં પીરસ્યું. ધર્મમય સંસ્કૃતિ અને સાત્વિક સભ્યતાનો ફેલાવો કર્યો.

ભારતે જગતને શીખવ્યું કે માત્ર ધનથી, સત્તાથી કે બાહ્ય સાધનો ભેગા કરવાથી કોઈ પ્રજા કે વ્યક્તિ સંસ્કારી ન બની શકે.

○ સંસ્કારનું માપયંત્ર ○

સારા સંસ્કાર ધન ભેગુ થવાથી કે સત્તાનું ઉંચુ પદ મળી જવાથી આવતા નથી. સારા સંસ્કાર કેળવવા પડે છે. મોટરો, એરોપ્લેનો, ઉંચા મકાનો, કે વિજ્ઞાનના સાધનો વધવાથી સંસ્કૃતિનું સર્જન નહિ થઇ શકે. મનુષ્ય પાસે કંઇ સાધન ન હોય, થોડા સાધન હોય પણ જો તેનામાં સચ્ચાઈ અને સદાચાર હોય, કૃતજ્ઞતા અને પરોપકારવૃતિ હોય, દયા અને પ્રેમ હોય તો તે સંસ્કારી છે. અને ચક-

વર્તીના સિંહાસન પર બેઠેલો હોય પરંતુ જો તે ક્રૂર અને ઘાતકી, વિષયી અને લંપટ હોય, સ્વાર્થી અને અધમ હોય તો તે અસંસ્કારી છે.

મનુષ્ય જંગલની ઝુંપડીમાં રહેતો હોય પણ જો પશુ-પક્ષી પ્રત્યે પણ તેનામાં મમતા ભરી હોય, વિનય અને વિવેક હોય, ઈર્ષા દ્વેષ ન હોય, બીજાને સુખી જોઇ પોતે સુખ અનુભવે તો સંસ્કારી છે.

આવી સંસ્કૃતિ એક કાળે ભારતમાંથી પરદેશોમાં પહોંચી હતી. ત્યારે ભારત ઘણું સમૃદ્ધ હતું.

ભારતનું વહાણવટું જગતમાં વખણાતું. ભારતના સાહસિક વેપારીઓ પરદેશ જઇ વસ્યા હતા.

ο યવદ્વીપ ο

સમુદ્ર ગમનનો ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે. તે સમયે પશ્ચિમ કાંઠાના બંદરોમાં મહારાષ્ટ્રનું સુપારક (સોપારા) ગુજરાતનું ભૃગુ કચ્છ (ભરૂચ), સિંધુના મુખ આગળ સુમેર બંદર હતા.

પૂર્વ કાંઠે મસલીપટ્ટમ, કાંચી, તામ્રલિપ્તિ. ગોપાલપુર હતા. માંગરોળના વહાણો છેક માડાગાસ્કર સુધી જતાં. ભારતવાસીઓ માડાગાસ્કર સુધી વસ્યા હતા. આજે પણ ત્યાંની ભાષામાં સંસ્કૃત શબ્દો છે.

જાવા સુમાત્રાની ભાષામાં પણ અનેક સંસ્કૃત શબ્દો છે,

જાવાનો ઉલ્લેખ વાલ્મીકિ રામાયણના કિષ્કિંધા કાંડમ “યવદ્વીપ” તરીકે આવ્યો છે. કથા સરિત્સાગરમાં યવદ્વીપ નામ છે. બ્રહ્માંડ પુરાણમાં યવદ્વીપની સાથે મલયદ્વી અંગદ્વીપ, શંખદ્વીપ, કુશદ્વીપ, વરાહદ્વીપ, વગેરેનો ઉલ્લેખ છે તે જાવાની આસપાસના દ્વીપો માટે હશે!

કેટલાક ઇતિહાસકારો કહે છે કે બે હજાર વરસ પહેલ દક્ષિણ ભારતના લોકો કંબોજ અને જાવામાં જઇને વસ્ય હતા. “પૂર્વમાં ભારતીય વસાહતો” નામના પુસ્તકમાં કે, ઈ. સ.ની બીજી સદીમાં જાવામાં હિંદુ રાજ્ય હતું.

૦ જાવા જે કો નર ગયો ૦

આપણી પ્રાચીન કહેવત છે કે “જે જાવા જાવે, તે પાછો કદી ન આવે, પણ જો આવે તો એટલું ધન લાવે કે એના પરિયાં ને પરિયાં ખાવે”

આ જાવા સુમાત્રા સાથે ભારતનો વેપાર ઘણો હતો. બે ચાર સદીઓ પહેલાં જ ગુજરાતી, તામિલનાડુ અને બીજા ભારતવાસીઓની ઘણી પેઢીઓ હતી. જાવાના ઘણા શહેરોના નામ દક્ષિણ ભારતના શહેરોના નામ ઉપરથી પડ્યા હતા.

ઉત્તર ભારતમાં જેમ મથુરાનગરી છે તેમ દક્ષિણ ભારતમાં મદુરાનગરી છે. તેના નામ ઉપરથી જાવામાં એક કાળે સમૃદ્ધ મદુરાનગરી હતી.

ગુજરાતના પુષ્કલ જહાજો વેપાર માટે જાવા આવતા.

એક કાળે જાવા, સુમાત્રા, કંબોજ, કલિમન્થન (આજનું બોર્નિયો) અને એ બાજુના હજારો દ્વીપો સુવર્ણભૂમિ તરીકે ઓળખાતા. સાહસિક ભારતવાસીઓએ અહિં વસાહતો સ્થાપી, રાજ્યો ચલાવ્યા, સામ્રાજ્યો સ્થાપ્યા. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર અહિં ફેલાયા. ધર્મ અને સંપ્રદાયો અહિં પસર્યા.

જાવાના લોકો બુદુરના પ્રાચીન મંદિર ઉપર ભારતીય વહાણનું જે શિલ્પ કોતરેલું છે તે એક કાળે ભારતનું વહાણવટું કેટલું વિકસ્યું હતું તેની સાક્ષી પૂરે છે.

નવમી સદીમાં શૈલેન્દ્ર રાજાએ એક ટેકરી ઉપર આ ભવ્ય મંદિર બંધાવ્યું. જેમાં શિખર ઉપરનો સ્તૂપ ૧૫૦ ફુટ ઉંચો છે.

× ભારતીય સંસ્કાર ×

સૌથી પુરાણા ચોથી સદી આશરેના શીલાલેખો બોર્નિયોના કુતેઇ તથા જાવાના જાકાર્તા નજીક મળ્યા છે. તે હિંદુ રાજાઓના છે. જાવાના રાજાઓ તે સમયે ચીનમાં રાજદૂતો મોકલતાં.

ચીની મુસાફર ફાહિયાને પણ લખ્યું છે કે જાવામાં હિંદુ રાજાઓ હતા.

જાવા, સુમાત્રા અને બોર્નિયોમાં આજે પણ કેટલાક લોકો પોતાને ચોલ, પાંડ્ય કે પલ્લવ ગણાવે છે.

સૃષ્ટિ પ્રત્યે રાજાને એવો ઉત્કટ આદરભાવ હતો કે ભારત ગૂંથણમાં પણ પશુપંખી કે મનુષ્યની આકૃતિઓ ગૂંથવાની તેમને સખ્ત મનાઇ કરેલી. વસ્ત્ર ઉપર પણ કાતર ફરે અને આ આકૃતિ કપાઇ જાય તે અયોગ્ય મનાતું.

કંબોજના અંકોરમાં એક મહાવિશાળ મંદિર છે. તેના ભીંત શિલ્પોમાં રામાયણ, મહાભારત, પુરાણો અને હરિવંશની કથાઓ છે.

બ્રહ્મથી બોર્નિઓ સુધીમાં સંસ્કૃત શીલાલેખો મળે છે. ઉત્તર વિયેટનામ એટલે ચંપામાં એકસોથી અધિક પાલીભાષાના શીલાલેખો મળ્યા છે.

* સંસ્કૃતિની ગૌરવ ગાથા *

- ભારતથી હજારો માઇલ દૂર રહેલા આ દેશોમાં શુદ્ધ ભારતીય કાવ્યો મળે છે. ત્યાંના ગ્રંથોમાં હિંદુ, બૌદ્ધ અને જૈનતત્ત્વજ્ઞાનના તથા દેવોના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

ભારતના મથુરા અને વારાણસી, તામ્રલિપ્તિ અને કાંચી મિથિલા અને વિદર્ભ, સોમનાથ અને દ્વારકાના નગરો "ગ્રીસ અને રોમથીય" જૂનાં છે. કુરૂ-પાંડવથી ય પ્રાચીન છે.

ઇતિહાસ અને પુરાતત્ત્વના સંશોધન કરનારાઓએ ભારતીય સંસ્કૃતિના પ્રાચીન ગૌરવની ઘણી કડીઓ એકઠી કરી છે. પરંતુ એવું અનેકઘણું કાળના ગર્ભમાં નાશ પામી ગયું છે જેની કલ્પના ય નથી.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિની ગૌરવ ગાથા સમજીને આપણે વર્તમાન જીવનને ઉચ્ચ બનાવવાની પ્રેરણા મેળવીએ. પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ગૌરવ તેના ધર્મમાં અને તેની સાધુતામાં છે, વેપારીઓના સાહસમાં અને કળાકૌશલ્યમાં છે, અપૂર્વ તત્વચિંતન અને માનવતાના સંસ્કારમાં છે.

જીવનની સુગંધ પ્રગટાવવા માટેની પ્રેરણાઓ ભારતના ભવ્ય ભૂતકાળમાં ભરેલી પડી છે.

જ્યારે આ ભારત વર્ષમાં ચીની સંત ફાહીયાન આવ્યા હતા ત્યારે આ દેશની પરિસ્થિતિ નિહાળી તેમને આશ્ચર્ય અનુભવ્યું હતું તેઓ લખે છે કે—

Fa-hien-the Chinese monk who visited Magadha in 399 A. D. during the golden rule of the Guptas has stated in his travel dairy that, throughout the Country no one killed any living being, ate meat and drank wine. Only the chandalas go hunting for flesh. What a contrast between the old and the new. The new food policy of the Bihar Government for promoting meat eating stands condemned in the light of Magadha.

૦ સંપાદકની નોંધ ૦

૧

પ્રાચીન ભારત

ગ્રીસે ભારત પાસેથી જે જ્ઞાન વિજ્ઞાન પ્રાપ્ત કર્યા તે અરબસ્તાનને આપ્યા.

પ્રાચીન ભારતનો ગ્રીસ સાથે ગાઢ રાજનૈતિક તથા વ્યાપારિક સંબંધ હતો. ઈ. સ. ૫૮૦માં પાયથેગોરાસ જીવહિંસાનો વિરોધી હતો અને પુનર્જન્મની દૃઢ શ્રદ્ધાવાળો હતો. પ્લેટોએ પુનર્જન્મ અને કર્મના ફલનો સ્વીકાર કર્યો છે. ઇ. સ.ની ચોથી સદીમાં પ્લોટીનસે કહ્યું છે કે, "જે આત્માઓ શુદ્ધ થઇ ચૂકયા છે અને શરીર પર જેમને લગીરેય મોહ રહ્યો નથી તે આત્માઓ ફરીથી શરીર ધારણ કરતા નથી. સિદ્ધનું વર્ણન શબ્દોથી થઇ શકતું નથી."

ઇ. સ.ના પ્રારંભમાં ભારતીય દર્શનોની ખ્યાતિ વિશ્વમાં ફેલાઈ ગઈ હતી. મીસર અને એશીયા માઇનોરથી તક્ષ-શિલાના વિશ્વ વિદ્યાલયમાં રાજપુત્રો અભ્યાસ અર્થે આવતાં અને પોતાના દેશમાં જઇ ભારતનું જ્ઞાનવિજ્ઞાન ફેલાવતાં.

જ્યારે સિકંદર ભારતમાં ચડી આવ્યો ત્યારે જૈન સાધુઓ સિંધુ નદીના તટ ઉપર વીચરતાં હતાં.

૨

*** ભારતમાં ઇસુ ***

જે ક્રોસનું ચિહ્ન ઇસાઇ લોકો ધર્મભાવથી ધારણ કરે છે તે ભારતીય સંસ્કૃતિનું સ્વસ્તિકનું ચિહ્ન છે. ભારતમાં ઇસુથી સેંકડો વરસ પહેલાથી સ્વસ્તિકનું ચિહ્ન પ્રચલિત છે.

એક એવી માન્યતા પણ છે કે ઇસુ ભારતમાં આવી ગયા હતા. અને ભારતના સાધુઓ પાસેથી જ્ઞાન ગ્રહણ કર્યું હતું.

ગીતા રહસ્યમાં છે કે, "નેપાલના એક બૌદ્ધ મઠના ગ્રંથમાં આ સ્પષ્ટ વર્ણન છે કે તે સમયે ઇસુ ભારતમાં આવ્યા હતા અને અહિં જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ ગ્રંથ નિકોલસ નોટોવિશ નામના એક રશિયનને પ્રાપ્ત થયો હતો અને તેમને ફ્રેંચ ભાષામાં તેનો અનુવાદ ઈ. સ. ૧૮૯૪માં પ્રકાશિત કર્યો છે."

સ્વામિ વિવેકાનંદે પોતાના એક પ્રવચનમાં કહ્યું છે કે "ઇસુના ચરિત્રની કેટલીક ચિત્રવિચિત્ર વાતો પ્રકાશિત કરતો એક ગ્રંથ એક રૂસી ગૃહસ્થે પ્રકાશિત કર્યો છે. તેમાં એવો ઉલ્લેખ છે કે જગન્નાથના મંદિરમાં ઇસુ ગયા હતા, પરંતુ ત્યાં ક્રિયા વિધિનો બાહ્ય આચાર જોઈ ઇસુ તિબેટ ગયા અને ત્યાં શિક્ષણ લીધું."

અનુભવથી સમજાય છે કે બાળક પણ અનુભૂત લાગણીઓ લઈને જન્મે છે.

"વીતરાગજન્માદર્શનાત ।" (ન્યાય સૂત્ર)

ડેર ટલિગન નામનો પશ્ચિમનો વિદ્વાન કહે છે કે, "આત્મા એક મૌલિક અખંડ Simple and indivisible વસ્તુ છે તેથી તે અવિનાશી હોવી જોઈએ. કારણ કે અખંડ તથા મૂલભૂત અસંયુક્ત પદાર્થ અવિનાશી હોય છે. જડ-તત્વથી બીજા Immaterial તત્વનું અસ્તિત્વ માનવું જોઈએ

કવિ ફ્રાયડને કહ્યુ છે કે—

Death had no power,
the immortal soul to stay.
That when its present body,
turns to clay,
Seeks a fresh home and
with unlessened might
Inspires another frame
with life and light.

અવિનાશી આત્માનો વિનાશ કરવાની તાકાત મૃત્યુને નથી. જ્યારે આ શરીર માટીમાં મળે છે ત્યારે આત્મા પોતાને યોગ્ય બીજા નવીન શરીરમાં જીવન અને જ્યોતિ ભરી દે છે.

૦ આત્મ સ્વરૂપ ૦

જૈન દર્શન પ્રમાણે આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. છ દ્રવ્યોમાં

સ્વતંત્ર દ્રવ્ય છે. નવતત્ત્વમાં પ્રથમ તત્ત્વ છે. પંચાસ્તિકાયમાં ચોથો અસ્તિકાય છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં આત્માના લક્ષણ આ પ્રમાણે કહ્યા છે—

"નાણં ચ દંસણં ચેવ,
ચરિત્તં ચ તવો તહા ।
વીરિયં ઉવઓગો ય,
એવં જીવસ્સ લક્ખણં ॥

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય (શક્તિ) અને ઉપયોગ એ જીવના લક્ષણ છે.

આત્માનું મુખ્ય લક્ષણ ઉપયોગ કહ્યું છે. શ્રી તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે, "ઉપયોગો લક્ષણમ્ ।" શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે, "ઉવઓગ લક્ખણે જીવે ।" શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે, "જીવો ઉવઓગ લક્ખણો ।"

ચેતનાના બોધ રૂપ વ્યાપારને ઉપયોગ કહે છે. ઉપયોગના બે પ્રકાર છે.

૧ સાકાર ઉપયોગ, ૨ નિરાકાર ઉપયોગ. સાકાર ઉપયોગ જ્ઞાન છે, નિરાકાર ઉપયોગ દર્શન છે.

આત્માને જ્ઞાન સ્વરૂપ કહ્યો છે. આત્મા અને જ્ઞાન તાદાત્મ્ય છે. તે બંને અલગ અલગ તત્ત્વ નથી.

આત્મા અરૂપી છે. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત છે. શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે—

'સે ણ સદ્દે, ણ રૂવે, ણ ગંધે, ણ રસે, ણ ફાસે

આત્માને કોઈ આકૃતિ નથી. તે હલકો નથી, ભારે નથી. અગુરૂલઘુ છે. આત્મા સ્ત્રી નથી કે પુરૂષ નથી કારણ કે સ્ત્રીપણું કે પુરૂષપણું કર્માશ્રિત છે.

શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે, "જીવો અણાઈઅનિધનો અવિણાસી અક્ખઓ ધુવો ણિચ્ચં ।" આત્મા અનાદિ છે, અમર છે, અવિનાશી છે, અક્ષય છે, ધ્રુવ છે, નિત્ય છે. તે પહેલા પણ હતો, અત્યારે પણ છે અને ભવિષ્યમાં પણ હશે. ત્રણે ય કાળમાં જીવ જીવરૂપે જ રહે છે. જીવ કયારે ય પણ અજીવ થતો નથી.

આત્મા જ્ઞાનમય અસંખ્ય આત્મપ્રદેશોનો પિંડ છે. તે અરૂપી છે. આંખોથી જોઈ શકાતો નથી, વાણીથી કહી શકાતો નથી, તર્ક દ્વારા જાણી શકાતો નથી. પરંતુ ચેતનાથી તેના અસ્તિત્વને જાણી શકાય છે.

* આત્મસિદ્ધિ અને કર્મસિદ્ધિ *

પૂજ્ય શ્રી ચિરંતનાચાર્ય કૃત 'પંચસૂત્રમ્' માં કહ્યું છે કે,

"જે એવમાઇક્ખંતિ–ઇહ ખલુ અણાઇ જીવે, અણાઇ જીવસ્સ ભવે, અણાઇ કમ્મ સંજોગે નિવ્વત્તિએ, દુક્ખ રૂવે, દુક્ખ ફલે, દુક્ખાણુ બંધે ।।"

જે ભગવંત આ પ્રમાણે કહે છે કે આ લોકમાં નિશ્ચયથી જીવ અનાદિ છે, અનાદિ એવા જીવનો ભવ જે સંસાર

તે અનાદિ કર્મના સંયોગે કરીને બનેલો છે. વળી તે ભવ દુઃખરૂપ છે, તથા દુઃખના ફળવાળો છે, તથા દુઃખના અનુબંધવાળો છે.

સંસાર જન્મ, જરા, મરણ, વ્યાધિ વિગેરે દુઃખથી ભરેલો છે. તથા ચારે ગતિમાં જન્મ-મરણાદિક ચાલુ હોવાથી તેનું ફળ પણ દુઃખરૂપ છે તથા આ સંસાર દુઃખના અનુબંધવાળો એટલે અનેક ભવો વડે વેદી શકાય એવી કર્મની પરંપરાને બાંધનારો છે.

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ "શાસ્ત્ર વાર્તા સમુચ્ચય" માં પ્રથમ આત્માની સિદ્ધિ કરે છે, કહ્યું છે કે,

અતઃ પ્રત્યક્ષસંસિદ્ધઃ સર્વ પ્રાણ ભૂતામયમ્ ।
સ્વયં જ્યોતિઃ સદૈવાત્મા, તથા વેદેઽપિ પઠ્યતે ॥

દરેક જીવોને આ આત્મા પ્રત્યક્ષ પ્રમાણથી-અનુભવથી સિદ્ધ છે. "સ્વયં જ્યોતિ સ્વરૂપ આત્મા સર્વદા છે." એ રીતે વેદને વિષે પણ કથન કરાય છે.

"શાસ્ત્રવાર્તા સમુચ્ચય" માં કર્મની સિદ્ધિ કરતાં કહ્યું છે કે,

આત્મત્વેનાવિશિષ્ટસ્ય,
વૈચિત્ર્યં તસ્ય યદ્વશાત્ ।
નરાદિ રૂપં તચ્ચિત્રમ્—
અદૃષ્ટં કર્મસંજ્ઞિતમ્ ॥

આત્મત્વ તો પ્રત્યેક પ્રાણીમાં સરખું છે, છતાં પણ

જેઓની આવી સમ્યગ્ બુદ્ધિ છે તેઓમાં સમ્યક્ત્વનું પ્રથમ સ્થાનક છે એમ જાણવું.

આ પ્રમાણે જીવનું હોવાપણું જે માનવું તે પહેલું "અસ્તિ સ્થાન" કહેવાય છે.

× આત્મા નિત્ય છે ×

ગણધર ભગવંત પૂ૦ શ્રી ગૌતમ સ્વામિ મહારાજના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીર પરમાત્માએ ફરમાવ્યું છે કે આત્મા નિત્યાનિત્ય છે.

ગૌતમસ્વામીએ પૂછ્યું: "ભગવન્! જીવ નિત્ય છે કે અનિત્ય છે?

ભગવાને કહ્યું: "હે ગૌતમ! જીવ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે." ગૌતમસ્વામીએ પૂછ્યું, "ભગવન્! એ કઈ રીતે કહેવામાં આવ્યું છે કે જીવ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે?"

ભગવાને કહ્યું: ગૌતમ! જીવ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. (શ્રી ભગવતી સૂત્ર શતક ૭-૨) કહ્યું છે કે,

દ્રવ્ય સ્યાપેક્ષયા નિત્યો,
હિં વ્યયોત્પાદ વર્જિતઃ।
પર્યાયાપેક્ષયાઽનિત્યઃ,
સદ્ભાવેન ચ શાશ્વતઃ॥

દ્રવ્યની અપેક્ષાએ નાશ અને ઉત્પત્તિ રહિત એવો નિત્ય આત્મા છે, પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે અને સદ્ભાવ વડે તે આત્મા શાશ્વત છે.

આ પ્રમાણે જેમને મનને નિશ્ચળ કર્યું છે તેને સમકિતનું બીજું સ્થાનક જાણવું.

આત્મા નિત્ય છે અને દેહથી ભિન્ન છે. આત્મા પોતાના સ્વરૂપે નિત્ય હોવા છતાં મનુષ્ય રૂપે, પશુ રૂપે, તેના જુદા જુદા પરિણામો થતાં કોઇ પર્યાય રૂપે અનિત્ય છે.

મનુષ્ય કે પશુ મૃત્યુ પામે છે, પણ આત્માનો પોતાનો નાશ થતો નથી. માટીનો ઘડો નાશ પામે, માટીના ઠીકરા રહે, પણ માટી નાશ પામી નથી. અહિં માટી દ્રવ્ય છે, ઘડો, ઠીકરા વગેરે પર્યાય છે. તેવી રીતે આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે, પર્યાય રૂપે અનિત્ય છે.

* આત્મા કર્મનો કર્તા છે *

શાસ્ત્રમાં કહ્યું છે કે,

શુભાશુભાનિ કર્માણિ,
જીવઃ કરોતિ હેતુભિઃ ।
તેનાત્મા કર્તૃકો જ્ઞેયઃ,
કારણૈઃ કુંભકૃદ્યથા ॥

જેમ કુંભાર માટી, ચાક અને ચીવર (દોરો) વગેરે કારણોથી કર્મના કર્તા છે તેમ જીવ કષાયાદિક કર્મબંધના

વૃત્તિઓ વડે શુભ અને અશુભ કર્મો કરે છે. માટે આત્મા કર્મનો કર્તા કહેવાય છે.

આખા લોકમાં સર્વત્ર જડ પુદ્ગલ Matterની અત્યંત સૂક્ષ્મ રજકણો ઠાંસી ઠાંસીને ભરેલી છે. તેને કાર્મણવર્ગણા કહે છે. આત્મા પોતાના રાગદ્વેષના ભાવોથી તથા મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી આ સૂક્ષ્મ કાર્મણ રજકણો પોતાના ઉપર ચોંટાડતો રહે છે. કાર્મણવર્ગણા આત્માને લાગે એટલે તે કર્મ કહેવાય છે.

આ કર્મ આત્માને સુખદુઃખ આપે છે. આ કર્મથી આત્મા મનુષ્ય કે પશુ બને છે. કર્મથી પુરૂષપણું કે સ્રીપણું છે, કર્મથી શ્રીમંતાઇ કે ગરીબાઈ છે.

કાર્મણ રજકણોને પોતાના ઉપર ચોંટાડવાની ક્રિયા આત્મા પોતે જ કરે છે. એટલે આત્મા પોતે જ પોતાના કર્મનો કર્તા છે.

આત્માએ રોષ કરીને કોઈની હત્યા કરી, ક્રોધ કે મા
કર્યા, બીજા સાથે માયા કે કપટ આચર્યું, એટલે આત્માં
કાર્મણવર્ગણા ચોંટે છે, આત્મા કર્મ બાંધે છે. આ જી
કર્મનો કર્તા છે એ સમકિતનું ત્રીજું સ્થાનક જાણવું.

૦ આત્મા કર્મનો ભોક્તા છે ૦

સ્વયં કૃતાનિ કર્માણિ,

કર્મણામકૃતાનાં ચ,
નાસ્તિ ભોગઃ કદાપિ હિ ॥

પોતે એટલે આત્માએ કરેલા કર્મોનું ફળ પોતે જ ભોગવે છે કેમકે નહિ કરેલા કર્મોનો ભોગ કદાપિ થતો જ નથી.

કર્મ જ્યારે પોતાનો સમય પાકે ત્યારે આત્માને સુખ કે દુઃખ આપે છે, આત્માને તેવી તેવી પરિસ્થિતિ મળે છે, આત્માના ગુણો ઢંકાય છે.

આત્મા જેમ કાર્મણ રજકણોને પોતાના ઉપર આકર્ષે છે એટલે કર્મનો કર્તા છે તેમ તેનું ફળ પણ તે જ આત્મા જેને કર્મ બાંધ્યું છે તેને જ ભોગવવું પડે છે માટે કર્મનો ભોક્તા પણ છે. આ સમ્યક્ત્વનું ચોથું સ્થાનક છે.

પૂજ્ય વાદિદેવસૂરિ મહારાજે 'પ્રમાણનય તત્વાલોક' માં સાંસારિક આત્માનું સ્વરૂપ સંક્ષેપથી આ રીતે બતાવ્યું છે.

પ્રમાતા પ્રત્યક્ષાદિ પ્રસિદ્ધ આત્મા । ચૈતન્ય સ્વરૂપઃ પરિણામી કર્તા સાક્ષાદ્ ભોક્તા સ્વદેહ પરિમાણઃ પ્રતિક્ષેત્રં ભિન્નઃ પૌદ્ગલિકાદૃષ્ટવાંશ્ચાયમ્।

આત્મા પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે, તે ચૈતન્ય સ્વરૂપ છે. પરિણામી છે. કર્મોનો કર્તા છે. સુખદુઃખનો સાક્ષાત્ ભોક્તા છે. સ્વદેહ પરિમાણ છે, પ્રત્યેક શરીરમાં ભિન્ન છે. પૌદ્ગલિક કર્મોથી યુક્ત છે.

* મોક્ષ છે *

પરમ ઉપકારી મહાપુરુષોએ એવો માર્ગ બતાવ્યો છે કે આત્મા એવાં કર્મો બાંધે તથા કર્મો ન બાંધે અને જૂના કર્મોનો નાશ થાય, તથા સર્વ કર્મોથી આત્મા બીલકુલ મુક્ત થઈ જાય.

આત્માનો મોક્ષ છે તથા મોક્ષનો ઉપાય પણ છે.

"ઉપદેશ પ્રાસાદ" માં કહ્યું છે કે—

અભાવે બન્ધ હેતુનાં, ઘાતિકર્મ ક્ષયોદ્દ્ભવે ।
કેવલે સતિ મોક્ષઃ સ્યાચ્છેષાનાં કર્મણાક્ષયે ॥

સુરાસુરનરેન્દ્રાણાં, યત્સુખં ભુવનત્રયે ।
તસ્યાદનન્તભાગોડપિ, ન મોક્ષસુખ સંપદાં ॥

અનન્તસુખ સંપૂર્ણં, નિર્વાણપદમક્ષયમ્ ।
નાદ્યનન્તં પ્રવાહેણ, ભાષિતં વિશ્વવેતૃભિઃ ॥

કર્મના બંધહેતુઓનો અભાવ થવાથી અને ઘાતિકર્મોનો ક્ષય થવાથી કેવલજ્ઞાન થયા પછી બાકીના અઘાતિ કર્મોનો ક્ષય થયે મોક્ષ પ્રાપ્ત થાય છે.

ત્રણ જગતમાં સુર, અસુર, અને નરેન્દ્રોને જે સુખ છે તે સર્વ સુખને એકત્ર કરીએ તો તે મોક્ષસુખની સંપદાને અનંતમે ભાગે પણ થાય નહીં.

વિશ્વના સર્વભાવને જાણનારા જિનેશ્વરોએ મોક્ષપદને

અનંત સુખથી સંપૂર્ણ, અક્ષય અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત કહેવું છે.

'મોક્ષ છે' એ નામનું સમ્યક્ત્વનું પાંચમું સ્થાનક જાણવું.

સર્વ કર્મોથી મુક્ત, સંપૂર્ણ શુદ્ધ બનેલો આત્મા જે સ્થિતિ પ્રાપ્ત કરે છે તે મોક્ષ છે.

શાસ્ત્રને વિષે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રને મોક્ષનો ઉપાય કહેલો છે. આ સમ્યક્ત્વનું છઠ્ઠું સ્થાનક છે.

૦ મોક્ષનો ઉપાય છે ૦

કોઈ અહિં પ્રશ્ન કરે કે આ મોક્ષસુખ શી રીતે પમાય? તે વિષે 'દર્શન સપ્તતિકા'માં કહ્યું છે કે—

સમ્મત્ત નાણ ચરણા,
સંપુન્ના મોક્ખસાહણોવાઓ ।
તા ઇહ જુત્તો જત્તો,
સસત્તિઓ નાયતત્તાણં ॥

સમ્યક્ત્વ એટલે દર્શન, જ્ઞાન અને સંયમ સંપૂર્ણ પ્રાપ્ત કરવા તે જ મોક્ષ સાધવાનો ઉપાય છે. કારણ કે તત્ત્વના જાણ પુરુષો સ્વ શક્તિ વડે અહિં જ તેને મેળવે છે.


કહ્યું છે કે—

યે ધર્મશીલા મુનયઃ પ્રધાના–
સ્તે દુઃખહીના નિયમે ભવન્તિ ।

સંપ્રાપ્ય શીલં પરમાર્થ તત્ત્વં,
સર્જિત મોહં નિરન્તરં ॥

જેઓ ધર્મશીલ અને ધર્મનું પરિપાલન કરનારા પ્રશાંત મુનિઓ હોય છે, તેઓ નિર્મળ સુખસંપન્ન થાય છે. તેઓ શીલપણાથી પરમાર્થ તત્ત્વને પામીને એક નિરૂપ એવા મોક્ષ પ્રત્યે જાય છે.

પરમાત્માએ દર્શાવેલું સાચું દર્શન અને સાચું જ્ઞાન જગાડી સર્વોત્તમ સદાચારનું પાલન કરવાથી–આ મોક્ષના માર્ગે જવાથી આત્માના ગુણો પ્રગટતા જશે, આત્માના આનંદનો અનુભવ થતો જશે.



(૧૬)

* જીવન સૌરભ *

જીવનનું ઘડતર જેને કરવું છે અને જીવનની સુગંધ જેને ફેલાવવી છે તેને ઘણા દુર્ગુણો છોડવા પડશે, તથા ઘણા સદ્ગુણો કેળવવા પડશે.

સુયોગ્ય રીતે જીવન જીવવાથી જીવનમાંથી સુગંધ પ્રગટે છે, માત્ર આચરણ વડે-ચારિત્ર વડે જીવનની સૌરભ આવે. માત્ર વાતોથી, ચર્ચાઓથી, લેખનથી કે ભાષણોથી સુગંધ પ્રગટતી નથી.

'સા વિદ્યા યા વિમુક્તયે' વિદ્યા તે છે જે બંધનથી મુક્ત કરાવે. અનેક પૂર્વગ્રહો, ગમવાપણું, નહિ ગમવાપણું, કુટેવો, સુંવાળાપણું, સ્વાર્થીપણું, છોડવા પડશે, અહંપણું-મમત્વપણું ઘટાડવા પડશે.

* સેવાની સુગ *

એક પરિચિત યુવાનના અનુભવની આ વાત છે. તેની માને ઓપરેશન કરાવ્યું. ઓપરેશન તો સારું થયું. પણ ઘડપણને લીધે ઝાડા થઈ જતા.

સાસુની સારવાર કરતાં યુવાનના પત્ની થાકી ગયા. તેમને સૂગ પણ આવતી. એક દિવસ ખડી પતિને તેમણે કહ્યું,

"હું તો કંટાળી ગઈ છું. માતાજી આ બધું સાફ થતું નથી. આમાં તો હું માંદી થઈ જઈશ."

પેલા બાઈ મૂંઝવણમાં પડ્યા. તે કહે, "અત્યારે એવી બાઈ ક્યાં શોધવી?"

ડોકટરે આ વાત સાંભળી હશે. તેમણે કહ્યું, "બહેન, તમે ઘેરે જાઓ. બાઈનો બંદોબસ્ત હું કરી દઈશ."

વૃદ્ધ માની સારવારમાં એક શાંત બાઈ તે સાંજે આવી ગઈ.

ઝાડો સાફ કરવો, ભીના કપડે શરીર લુછવું, પાવડર ચોપડવો, કપડા બદલાવવા–વૃદ્ધ માની સારવાર આ બાઈ અત્યંત કાળજીથી કરતી હતી.

યુવાનની માતાને સારૂં થઇ ગયું. પત્ની સાથે તેઓ ડોકટરના બંગલે બીલ ચૂકવવા ગયાં. સારવાર કરનારી બાઇને પણ સારી બક્ષિસ આપવાનું નક્કી કરી જૂદું કવર લીધું હતું.

ડોકટરના બંગલે ગયા ત્યારે જ સમજાયું કે પેલા બાઈ ડોકટરના જ પત્ની હતાં. કોઇ નોકરીઆત નર્સ ન્હોતાં.

યુવાનના પત્ની એ બહેનના ચરણોમાં નમી પડ્યા અને સેવાના કામમાં સૂગ ન રાખવાનો સંકલ્પ કર્યો.

જૂદી જૂદી બાબતોનું આવું સુગાળવાપણું આપણે કાઢવું પડશે. વૃદ્ધ સાસુની સેવાની ઉપેક્ષા કર્યાનું દુઃખ આ યુવાનના પત્નીને થયું, પશ્ચાતાપ થયો એ ઘણી સારી વાત છે.

૦ જાતને તપાસો ૦

વ્યક્તિ પોતે પોતાની ભૂલો જુએ, તપાસે, તે માટે દિલ-

ગીરી વ્યક્ત કરે-ભૂલને ભૂલ રૂપે સમજે તો દુર્ભાવો જશે અને સદ્ભાવ પ્રગટશે, દુર્ગુણો જશે અને સદ્ગુણો ખીલશે.

પોતાથી સ્વાભાવિકપણે કંઇ જ ખોટું કામ થાય નહિ આ ઘણી ઉંચી વાત છે. ખોટા કામનો વિચાર આવતા સહજ મન પાછું પડે આ પણ સુંદર વાત છે. ખોટું કામ થતું હોય ત્યારે મન ડંખ્યા કરે આ પણ ઠીક છે. ખોટું કામ થઈ ગયા પછી પાછળથી પશ્ચાતાપ થાય એમાં પણ હજી આશા છે.

પરંતુ આજના કાળનું મોટું દુઃખ એ છે કે ખોટું કામ કર્યા પછી હૈયામાં ખોટું કર્યાનું દુઃખ જ નથી લાગતું.

કહેવાતી શિષ્ટ ભાષામાંથી "પાપ" શબ્દ જતો કાઢી નંખાયો છે. જીવનમાં ધર્મ ન પ્રગટે તેની વેદનાને બદલે અધર્મ આચરવામાં ગૌરવ મનાય છે, અપેય પીવામાં અને અખાદ્ય ખાવામાં શાણપણ ગણાય છે. ચોરીને ચાલાકી, વ્યભિચારને પ્રેમ, સ્વચ્છંદતાને સ્વતંત્રતા અને અસત્યને હોંશિયારી તરીકે ઓળખાવાય છે.

પાપ કરનારા જો પાપનો એકરાર, કબુલાત, સ્વીકાર કરશે તો પણ બચશે. પાપ થવાથી ખોટું થયું એટલી વેદના અનુભવશે તો પણ બચશે. પરંતુ અધર્મને, અનિષ્ટને યોગ્ય ગણશે તો બચવાની કોઈ આશા નથી.

× ભૂલની વેદના ×

તમે તમારા અંતરાત્માને એટલો જાગૃત કરો કે અધર્મને અધર્મ રૂપે ઓળખે, ધર્મને ધર્મરૂપે ઓળખે.

મનમાં દુર્ભાવો આવે તો અંતરાત્મા તરત ચેતવણી આપે કે, "આ દુર્ભાવો આવ્યા છે, સાવધ રહે."

ખોટું કામ થઈ જાય તો તેને યોગ્ય ન માનશો, ન વિચારશો કે, "બધા ય આવું કરે છે, એમાં શું?"

ખોટું કામ થઈ જાય તો એમ વિચારશો કે, "કામ તો ખોટું જ છે. હું ક્યારેય ખોટાને સાચું નહિ કહું, ભૂલનું પ્રાયશ્ચિત મારે કરવું જોઇએ. ભૂલની વેદના મને થવી જોઇએ. ભૂલ ફરીવાર ન થાય તે માટે હું સાવધ રહું! પાપ એ પાપ જ કહેવાય. પાપનો બચાવ ન જ થાય."

સાચા હૃદયથી પસ્તાવો કરનારને માફી મળ્યા વિના નહિ રહે.

ભૂલનું તીવ્ર ભાન થવું અને પ્રાયશ્ચિતનો સાચો ભાવ થવો એ જીવનમાં સુંદર પરિવર્તન લાવશે.

પોતાની ભૂલ જોઇને તેનો ખૂલ્લા હૃદયથી સ્વીકાર કરીને, તેને સુધારી લેવાનો પ્રયત્ન કરવાથી, હૃદયપૂર્વક ક્ષમા માંગવાથી ફરી ભૂલ ન થાય તેવી જાગૃતિ રાખવાથી જીવનમાં પવિત્રા આવે છે. જીવન વિશુદ્ધ બને છે અને જીવનની સુગંધ પ્રગટે છે.

પરંતુ આ માટે નમ્રતા કેળવવી જોઇએ, મનના પરિણામ કોમળ બનાવવા જોઇએ.

૦ દાંત અને જીભ ૦

ચીનના સુપ્રસિદ્ધ ચિંતક કોન્ફ્યુશિયસ્નો અંતિમ સમયનો આ બોધ છે.

શિષ્યોને તેમને પાસે બોલાવ્યા અને પૂછ્યું, "મારા મોઢામાં જુઓ. જીભ છે કે નહિ?"

એક શિષ્યે મોઢામાં જોઈને કહ્યું, "હા, ગુરુદેવ! જીભ છે."

ગુરુએ ફરી પૂછ્યું, "કહો મારા મોઢામાં દાંત છે કે નહિ?"

શિષ્યો બોલ્યા, "ના, ગુરુદેવ! આપના મોઢામાં દાંત તો એક પણ નથી."

કોન્ફ્યુશીયસે ફરી પૂછ્યું, "કહો, પહેલા દાંતનો જન્મ થયો કે જીભનો?"

શિષ્યો બોલ્યા, "ગુરુદેવ! જીભનો જન્મ થયો, દાંત તો મોડા આવ્યા."

ગુરુએ કહ્યું, "વહેલી આવેલી જીભ હજી છે અને મોડા આવેલા દાંત જલદીથી નાશ પામ્યા, કારણ કે જીભ કોમળ છે એટલે હજી જીવે છે અને દાંત ક્રૂર તથા કઠોર હતા એટલે નાશ પામ્યા. તમે પણ કઠોરતા એટલે અહંકાર છોડજો અને કોમળતા એટલે નમ્રતાથી જીવજો."

મહાત્મા કોન્ફ્યુશિયસનો આ અંતિમ ઉપદેશ હતો.

નમ્રતા વડે ક્રોધ અને માન ઓછા થતાં જશે. કોમળતા વડે માયા અને લોભ ઓછા થતાં જશે.

કષાયો ઓછા થતાં સમતાનો ભાવ સહજ બને છે. ક્રોધના કારણો મળવા છતાં ક્રોધ થતો નથી. માનસિક સ્વસ્થતા જળવાય છે.

પ્રાણી માત્રને આત્મવત્ જોઈને પોતાની જેમ સમજી તે અનુસાર જીવન જીવવું એ સર્વમંગળ જીવન છે.

મહાત્માઓએ આ રીતે જીવન જીવીને બતાવ્યું છે કે આ આદર્શ કાલ્પનિક નથી. જીવનના વ્યવહારમાં શક્ય છે. સાચા સુખ, શાંતિ અને આનંદ આ માર્ગે જીવન જીવવાથી પ્રગટશે.

જ્યાં સુધી માત્ર સ્વરક્ષણની વૃત્તિ છે ત્યાં સુધી સ્વશુદ્ધિ નહિ થાય, પોતાના આત્માની અશુદ્ધિઓ દૂર નહિ થાય, મન પવિત્ર નહિ બને. અશુદ્ધિઓ દૂર થયા વિના, સ્વશુદ્ધિ કર્યા વિના, મન સંકુચિત અને સ્વાર્થી હશે તો સર્વ સાથેનો સંબંધ કઇ રીતે જોડાશે?

સ્વશુદ્ધિ અને સર્વ સાથેનો સંબંધ બન્ને એકબીજાના પૂરક છે.

દુર્ભાવોની મલિનતા ટળ્યા વિના આત્મામાં સર્વને સમાવવાની વિશાળતા ક્યાંથી આવશે? આત્માને વિશાળ બનાવ્યા વિના દુર્ભાવો કઈ રીતે ટળશે? જીવન સૌરભ કઇ રીતે પ્રગટશે?

મનુષ્ય જો ધારે તો સંકુચિત દૃષ્ટિ ત્યજી વિશ્વદૃષ્ટિ પ્રાપ્ત કરી શકે છે. તેથી મનુષ્યની એ ફરજ છે કે જગતના સર્વ જીવોની રક્ષામાં એ રસ લે. જીવ માત્ર પ્રત્યેની અનુકંપા સર્વ જીવોના હિતનો ભાવ મનુષ્યમાં હોવો જોઈએ, કારણ

મનુષ્ય સંકુચિત દૃષ્ટિથી સ્વાર્થનો વિચાર કરે તેના કરતા ઊંચી દૃષ્ટિથી સારાસારનો વિચાર કરી શકે છે.

સર્વ જીવોના હિતનો ભાવ એ મનુષ્યનો અસાધારણ ધર્મ છે. મનુષ્યના મનુષ્યત્વમાંથી આ ધર્મ પ્રગટે છે. પરંતુ દુઃખદ એ છે કે મનુષ્યને પોતાના આ અસાધારણ ધર્મનું દર્શન થયું નથી.

પોતાના દેહ માટે, ઘર માટે, પરિવાર માટે જેમ સર્વ બુદ્ધિ, શક્તિ, ચિંતન, પ્રેમ વગેરેનો ઉપયોગ થાય છે, તેમ જીવ માત્રની દયા માટે થાય તો સમ્યક્ ધર્મનું આરાધન

આપ્યું નથી. એકબીજાને પીડા આપીને જીવ્યા છીએ. સુખ આપનાર પ્રત્યે પણ કૃતજ્ઞતાનો ભાવ દર્શાવ્યો નથી. દુઃખ આપ્યા પછી પણ ક્ષમા માંગી નથી. દુઃખ આપનાર પ્રત્યે પણ ક્ષમા આપી નથી.

પ્રાણી માત્ર પ્રત્યે સ્નેહના પરિણામ કર્યા નથી. આપણા કરતાં અધિક ગુણવાળા વડિલો પ્રત્યે નમન આદિથી અને આપણાથી નાના પ્રત્યે પ્રસન્નતા આદિથી હાર્દિક ભક્તિરાગ-રૂપી પ્રમોદ દર્શાવ્યો નથી. દીન, દુઃખી અને રોગી પ્રત્યે દયાની અને તેમના દુઃખ ફેડવાની લાગણી બતાવી નથી. પાપી પ્રત્યે અયોગ્ય આત્માઓ પ્રત્યે સહનશીલતા દાખવી નથી. સર્વ જીવો પ્રત્યે પ્રેમ કર્યો નથી, સમત્વ ધર્યું નથી.

માત્ર પોતાના જ સુખની ચિંતા કરી છે અને બીજા સર્વના સુખ–દુઃખ પ્રત્યે ઉપેક્ષાભાવ કે અનાદરભાવ ધારણ કર્યો છે. એનુંજ બીજું નામ મિથ્યાત્વનું સેવન અને અનંતાનુબંધી કષાયોનું રક્ષણ કર્યું છે. સદા સર્વદા વિષમતા ભાવ ધાર્યો છે. અનંત સંસારમાં ભટકાવનાર આ ભાવોનો પ્રતિકાર ન થાય ત્યાં સુધી કોઈપણ સદ્‌ગુણનું સેવન સાનુબંધ ટકાઉ થતું નથી.

૦ ઉંધી સમજણ ૦

આ પાપ અંધકારમાંથી ધર્મ ઉગારે છે.

ધર્મ એટલે સર્વ સાથે ઉચિત વ્યવહાર.

જીવમાત્ર સાથે મૈત્રીપૂર્વકનો વ્યવહાર.

અજીવમાત્ર સાથે માધ્યસ્થપૂર્વકનો વ્યવહાર.

પરમાત્મા સાથે યોગની સાધના અભ્યાસ અને વૈરાગ્યપૂર્વક થાય છે.

મૈત્રી એ અભ્યાસનું સાધન છે. જીવ સાથે મૈત્રીનો અભ્યાસ વારંવાર કરવો પડશે.

માધ્યસ્થ એ વૈરાગ્યનું સાધન છે. અજીવ પ્રત્યે માધ્યસ્થનો વૈરાગ્ય કેળવવો પડશે.

ઉચિત વ્યવહારનું પાલન જીવને મોક્ષનો અધિકારી બનાવે છે.

ઉચિત વ્યવહારના પાલન વડે જ આત્મામાં સમત્વભાવ પ્રગટે છે.

વિષમતા દૂર કરવા માટે જીવરાશિ પ્રત્યેના દ્વેષભાવને તથા પુદ્ગલરાશિ પ્રત્યેના રાગભાવને ત્યાગવો પડશે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ અને પુદ્ગલ પ્રત્યે માધ્યસ્થભાવ કેળવવો પડશે.

જીવરાશિ પ્રત્યે દ્વેષભાવ અને પુદ્ગલરાશિ એટલે જડ-પદાર્થો પ્રત્યે રાગભાવ એ વિપર્યાસ છે. જીવમાં અજીવબુદ્ધિ અને અજીવમાં જીવબુદ્ધિ એ મિથ્યાત્વ એટલે ઊંધી સમજણ છે.

કોઈ કહે છે કે અનાદિ સંસારમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોના કારણે જીવ ભટકે છે. કોઈ કહે છે કે ક્રોધ, માન, માયા, લોભ એટલે કષાયોના કારણે જીવ ભટકે છે. કોઈ કહે છે કે પ્રમાદના કારણે જીવ ભટકે છે. કોઈ કહે છે કે

મન, વચન, કાયાના અશુભ યોગોના પાપો જીવ બાંધે છે. તે બધાની પાછળ પ્રાણ પૂરનાર દોષ એક જ છે અને તે મિથ્યાત્વનું સેવન એટલે ઉંધી સમજણ છે.

❊ ધર્મનો પાયો ❊

બીજા જીવો પોતાના જેવા જ જીવો છે. પોતાની જેમ સુખદુઃખની લાગણી અનુભવનારા છે. (Similarity of Substance) સર્વ જીવો સુખને ઇચ્છે છે. સર્વ જીવોનું અંતિમ ધ્યેય "સુખ" છે. (Sameness of Purpose)

આ સત્ય તરફ દુર્લક્ષ્ય આપવું એ જ મિથ્યાત્વનો અંધાપો છે, અધર્મ છે, ગાઢ અંધકાર છે અને સર્વ જીવો પ્રત્યે સમભાવ ધરાવવો એ જ ધર્મરૂપી સૂર્યનો ઉજ્જવળ પ્રકાશ છે.

સર્વ જીવોનો હિતભાવ એ ધર્મનો પાયો છે.

આ ધર્મના પાલન દ્વારા પ્રગટતી સમતા જીવ માત્ર પ્રત્યેની ઉપેક્ષા રૂપે નથી. આ સમતા નિષ્ક્રિયપણું નથી, નિષેધાત્મક નથી, અનાદિ ભવભ્રમણમાં સર્વ જીવોની અનેકવાર ઉપેક્ષા કરી છે, અનેકવાર નિષ્ક્રિયપણું ધર્યું છે, અનેકવાર માત્ર નિષેધાત્મક વ્યવહાર આચર્યો છે.

બધાને સુખ મળો અને બધાનું દુઃખ ટળો, સર્વનું હિત થાઓ અને અહિત ટળો, એ વિચાર આ જ પર્યંત અંતરથી જીવે કદી કર્યો નથી. જો કર્યો હોત તો તેનું ભવભ્રમણ હોત નહિ કારણ કે એ વિચારમાં જ અનંત વિષયાભિલાષ નિવારવાનું સામર્થ્ય છે. અનંતાનુબંધી કષાયોને

રોકવાનું બળ છે, અત્યંત પ્રમાદ અને અત્યંત અશુભ યોગોને ન પ્રવર્તવા દેવાની શક્તિ છે.

પોતાના ઉપકારીઓને યાદ કરો, અપકારીઓને ભૂલી જાઓ. અપકાર કરવો છોડી દો અને અપકારીઓ પ્રત્યે પણ ઉદાર બનો.

દુઃખી થવાનો માર્ગ અપકારીઓને ન ભૂલવામાં અને ઉપકારીઓને ભૂલવામાં છે.

સુખી થવાનો માર્ગ અપકારીઓને ભૂલવામાં અને ઉપકારીઓને ન ભૂલવામાં છે.

જીવમાત્રના હિતના સંકલ્પ પ્રગટાવતાં કંજૂસ થશો નહિ. પોતાના હિતનો એ ઉત્તમ રાજમાર્ગ છે.

દુઃખ ન જોઈતું હોય તો દુઃખ આપવું બંધ કરો. સુખ જોઈતું હોય તો સુખ આપવું શરૂ કરો.

દુઃખ આપનારને ભૂલો, સુખ આપનારને સતત યાદ કરો.

આજ સુધી કેટલાને દુઃખ આપ્યું છે, તે યાદ કરો. આજ સુધી કેટલાની પાસેથી સુખ લીધું છે. તે યાદ કરો.

વિશ્વમાં કોઈપણ જીવ દુઃખી ન થાઓ એ ભાવના બીજા જીવોને આપેલા દુઃખનું પ્રાયશ્ચિત છે.

'વિશ્વમાં સર્વ જીવો સુખી થાઓ' એ ભાવના બીજાના સુખના ઋણમાંથી મુક્ત થવાની ચાવી છે.

= જીવતત્ત્વનું બહુમાન =

જગતના સર્વ જીવો આપણું કુટુંબ છે. જ્યાં જ્યાં

જીવત્વ છે. ત્યાં ત્યાં આત્માના અનંત ગુણો રહેલાં છે. જ્યાં જીવત્વ છે ત્યાં આધ્યાત્મિક વિકાસ શક્યતાઓ એટલી સ્વતંત્ર ભાવવૃત્તિ છે. તેથી કોઈ પણ જીવને ક્યાંય ક્યારેય કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ ન થવો જોઈએ. આપણને પ્રત્યેક જીવ પ્રત્યે સક્રિય હિતભાવ હોવો જોઈએ. જીવનની મહત્તા એટલે માત્ર પોતાના જીવનની મહત્તા નહિ પણ જીવમાત્રના જીવનની મહત્તા સમજવી જોઈએ.

જીવમાત્રના જીવત્વનું બહુમાન (Reverence for life) હૈયાનાં ઉંડાણમાંથી જાગવું જોઈએ. આ ધર્મનો પાયો છે. અહંકાર ભાવને દૂર કરી પરમ ઉપકારીઓ પ્રત્યે નમસ્કાર-ભાવ પ્રગટાવવો જોઈએ. આ ધર્મનો પાયો છે.

કુદરતનો એવો નિયમ છે કે ક્ષુદ્ર સ્વાર્થ વડે વ્યક્તિ પોતાને તથા અન્યને હાનિ કરે છે. પરાર્થ વડે પોતાને તથા અન્યને હિત કરે છે. જીવનમાં સ્વાર્થને ગાણ કરી પરાર્થને મુખ્ય કરવાનો ભાવ જાગવો જોઈએ. આ ધર્મનો પાયો છે.

આપણે અન્યની જે સહાય લીધી છે કે લઈ રહ્યા છીએ તે માટે આપણે સર્વના જબ્બર ઋણી છીએ એવો કૃતજ્ઞતાનો ભાવ (Law of cosmic obligation) સ્પર્શવો જોઇએ. તથા પરાર્થે પરોપકાર રૂપે જે કંઈ કરીએ તે આપણી અનિવાર્ય ફરજ છે. આ ભાવ (Low of sacrifice) હૈયામાં સ્પષ્ટ થવો જોઇએ. આ ધર્મનો પાયો છે.

પાયાના આ ધર્મનું આચરણ જીવનની સુગંધ પ્રગ-ટાવવાની પ્રક્રિયા છે.

ઉપરના ગ્રંથરત્ન-પુસ્તક અંગે આવેલ અભિપ્રાય

અ ભિ પ્રા યો

(૧)

શાસન પ્રભાવક પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનતિલકસૂરિજી મહારાજ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

રોજબરોજ સમયોચિત આવતી અનેક પ્રવૃત્તિઓ, જેવી કે પ્રતિદિન બંનેવખત પૂ૦ ગુરુદેવના વ્યાખ્યાનમાં હાજરી, પ્રતિક્રમણમાં હાજરી, જિજ્ઞાસુઓની જિજ્ઞાસા સંતોષવામાં તત્પર, ગુરુસેવામાં હાજર-હજુર, પત્રવ્યવહાર, પ્રૂફ સંશોધન તેમજ વ્યાખ્યાનો, જાહેર વ્યાખ્યાનો ગોઠવવા. આમ વિવિધ પ્રવૃત્તિમાં રસ લેતા જતા આવા બોધપ્રદ અનેક ગ્રંથોનું આલેખન કરીને જનતાને સજાગ કરવી એ એમની આ વિરલ પ્રતિભાની ભવ્ય અને ઉત્કૃષ્ટ તમન્ના બતાવે છે. ગદ્ય-પદ્યમય મૌલિક ગ્રંથો ઘણી મોટી સંખ્યામાં પ્રકાશિત કરવા એ કંઈ સામાન્ય પ્રયત્ન કે પુરુષાર્થનું કામ નથી.

આવા પરહિત ચિંતક લેખકશ્રીને ખૂબ જ ખંત, ધીરજ અને શક્તિ મળો કે અનેક ગ્રન્થમાળાઓ જનતાને પહેરાવતા રહે એજ એક શુભાશય.

કોલ્હાપુર (મહારાષ્ટ્ર)
શાહુપુરી, જૈન ઉપાશ્રય, તા. ૧-૮-૭૧

(૨)

શાંતમૂર્તિ પૂ૦ પાદ આચાર્ય શ્રી વિજયજયંતસૂરિજી મ૦ તથા વિદ્વદ્વર્ય પૂ૦ આચાર્યશ્રી વિજયવિક્રમસૂરિજી મહારાજ

'જીવન ઘડતર' ના થોડા ફર્મા મળ્યા, વાંચ્યા, શાળા-મહાશાળામાં અધ્યાત્મ બોધક સાહિત્ય દાખલ થાય એ ખરેખર ખૂબજ ઇચ્છનીય છે. તમારો પ્રયત્ન સફળ થાવ તેવી શુભકામના.

સિકંદ્રાબાદ અસાડ સુદ ૧૫

(૩)

વિદ્વદ્વર્ય પૂ૦ આચાર્ય શ્રી ભદ્રંકરસૂરિજી મહારાજ

તોતીંગ ઇમારતનો આધાર એના પાયામાં છે. (Foundation) ઘેઘૂર વડલાનો આધાર (Root) એના મૂળમાં છે.

સર્ચલાઈટનો આધાર (Sky) આકાશ છે તેવી રીતે જીવનને ઉર્ધ્વગામી અને કલ્યાણકર બનાવવા ! તેની આધાર શિલા માટે જીવન પરાગ પુસ્તક અત્યંત ઉપયોગી થશે એ નિઃસંદેહ હકીકત છે.

(૪)

વિદ્વાન લેખક મુનિ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ૦

'જીવન પરાગ' પુસ્તક જોયું, ભાષા સાહિત્યની શૈલી સુંદર આકર્ષક છે. આપશ્રીનો આ દિશામાં પહેલેથી પ્રયત્ન ચાલુ છે. પુસ્તક અત્યંત સુવાચ્ય અને સુંદર છે અને વિદ્યાલયોમાં જો અભ્યાસ માટે તો વિદ્યાર્થીઓને ઘણું પ્રેરણા પ્રાપ્ત થાય એ નક્કી છે. વિશેષ કાર્યનું અભિનંદન હોય પછી પૂછવું જ શું !

સાયન-મુંબઈ
૨૮-૬-૭૧

(૫)

विद्वान वक्ता पू० मुनिराज श्री पद्मसागरजी म०

“जीवन पराग” पुस्तक पढ़ी, लेखक महोदय स्वयं एक सिद्धहस्त कथा लेखी हैं। तत्वचिंतक लेखक ने भिन्न-भिन्न दृष्टिकोणोंसे जीवन विकास के उपायों का मार्ग-दर्शन प्रस्तुत पुस्तकमें किया गया है।

मुझे आशा है, मानवमूल्योंके संबंधमें यह पुस्तक पूर्णतः उपयोगी सिद्ध होकर प्रेरणादायी बने, सब को पूर्ण प्रकाश बतायेगा।

(૬)

પૂ૦ વિદ્વાન મુનિરાજ શ્રી જયેન્દ્રવિજયજી મહારાજ

એ એક [illegible] હોય, આધુનિક [illegible] [illegible] જીવન ને

કોઈ એમનાં ગાજે છે. પણ આચાર્ય મહારાજશ્રીએ આ પુસ્તકમાં આ બન્ને આદર્શોને વણ્યાં છે. વળી તે ક્યાંક આખા દૃષ્ટાંત રૂપે, વળી ક્યાંક એ મહાત્માઓની પ્રતિભા અને કિરણ ગુણા-વતાં! અને એને જ આજે આચાર્યશ્રીના ચારિત્ર્યમાં છે. Pushing to the Front (આગળ ધપો) જેવાં પુસ્તકોમાં ઓરિસન સ્વેટ માર્ડન જેવા પાશ્ચાત્ય બોધપ્રદ સાહિત્યના લેખકોની કૃતિઓમાં જે પ્રમાણે ઉદાહરણો પ્રચુર માત્રામાં દેખા દે છે એમ અહીં પણ આખું પુસ્તક નીતિ પ્રમાણે અને નીતિ વિરુદ્ધ આચરણ કરનાર સ્ત્રી-પુરુષો, સંત, ફકીરો તથા મહાપુરુષોના જીવન પ્રસંગોની કહાણીઓથી ભરેલું છે. પોતાના વિષયને-અમુક નીતિ સિદ્ધાંત કે બોધને વાચક બાળકને આત્મસાત્ કરાવવા માટે આચાર્યશ્રીએ બધા દેશોના, બધા સામાજીક સ્તરોના, બધા કાળની વ્યક્તિઓનાં દૃષ્ટાંતો આપ્યાં છે. વળી ધર્મ-ગ્રન્થોમાં આવતી બોધક કથાઓનો પણ છૂટથી ઉપયોગ કરાયો છે. મુનિશ્રી પોતે જૈન ધર્મના આચાર્ય હોવા છતાં એમણે પોતાના કથયિતવ્યને સાર્વત્રિકતા (Universality) અર્પવા બીજા ધર્મો જેવા કે—હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી કે ઇસ્લામના ધર્મગ્રન્થોના ઉદાહરણ છૂટથી આપ્યા છે. એથી એક બીજી આડ વાત પણ સાબીત કરાય છે કે-દરેક ધર્મનાં મૂળભૂત તત્ત્વો તો એક સરખાં જ છે. આમ ધર્મના પ્રાથમિક સંસ્કારો પાડવા માટે એક બાજુ દૂરના ભૂતકાળના પ્રાગૈતિહાસિક કે માત્ર પૌરાણિક એવા કલ્પિત ઉદાહરણો અપાયાં છે, તો બીજી બાજુ સંપૂર્ણપણે ઐતહાસિક એવી વ્યક્તિઓના જીવનના ખરેખર બનેલા બનાવો ટાંકયા છે, આથી આખું પુસ્તક સર્વ-ગ્રાહ્ય-સંપૂર્ણ ગ્રાહ્ય બની જાય છે.

આમ આચાર્યશ્રી જેવા વંદનાર્હ સંપૂર્ણપણે ધાર્મિક લેખક પાસેથી ધર્મ સંસ્કારો પામવાનો ગુજરાતી બાળકોને અમૂલ્ય લ્હાવો મળ્યો છે. **શાળાએ શાળાએ અને ઘેર ઘેર આ પુસ્તક વંચાય એવો** શાળા સંચાલકો અને માતા-પિતાઓનો આગ્રહ હોવો ઘટે. દરેક

[illegible]

(૧૩)

—[illegible] શાહ

[illegible]

[illegible]

(૧૪)

શ્રી. એમ. શાહ D. Sc. Germany F. S. C. (Lon.)

[illegible]

[illegible]

[illegible]

આમ માર્ગોનું જ્ઞાન અને અભ્યાસ નજરે પડે છે અને ભાષા [illegible] સાથે પુસ્તક સરલ અને દરેક જણ મનોયોગથી વાંચી શકે તેવું છે.

આ પુસ્તકમાં આવતા કેટલાક અગત્યના મુદ્દાઓ જેવા કે– પ્રાર્થના, વિચારનું જોર, સારું આચરણ, સ્વાભ્યાસ વગેરેને અમેરિકામાં પણ અગત્ય અપાય છે અને અમેરિકાના એક બહુ પ્રખ્યાત નેપોલીઅન હીલના પુસ્તક Law of Success માં તેના વિષે ચર્ચા કરી છે. પ્રકરણની વચ્ચે સંપાદકની નોંધ પણ પુસ્તકની ઉપયોગીતા વધારે છે. આજની કેળવણી અંગેનું પ્રકરણ વિદ્યાર્થી, શિક્ષક અને સમાજની આંખ ઉઘાડનારું છે. આપણે આર્ય સંસ્કૃતિને ભૂલી જઇને પશ્ચિમના રીતરિવાજોનું ખોટું અનુકરણ કરીએ છીએ અને રાજકારણમાં સિદ્ધાન્તોને નેવે મૂકી ફક્ત સત્તા માટે ફાંફાં મારીએ છીએ, તેવા સમયમાં આ પુસ્તક સમાજને યોગ્ય દોરવણી આપશે.

(૧૩)

—પ્રોફેસર શ્રી કાંતિલાલ રામચંદ M A.

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી કીર્તિચંદ્રસૂરિજી મહારાજ સાહેબે તેમની સુંદર શૈલીમાં લખેલું પુસ્તક "જીવન ઘડતર" વાંચતા એમ લાગ્યું કે આ પુસ્તક દરેક **દરેકે ઘેર ઘેર વસાવવા જેવું છે.**

આ યુગમાં વિદ્યાર્થીઓ ઉપર ગમે તે કારણે સારા સંસ્કારો પડતા નથી પણ સુસંસ્કારી યુવક અને યુવતીઓ જ આવતીકાલના ભારતના નાગરિકો છે, દરેક સંસ્કારી કુટુંબ "જીવન ઘડતર" પુસ્તક વસાવે અને કુટુંબની પ્રત્યેક વ્યક્તિ પાસે તેનું વાંચન–મનન કરે–કરાવે તો જરૂર જીવનનું ઘડતર થાય અને તેમ થતાં જીવન સાર્થક થાય.

પૂ૦ આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરિજી મહારાજ આવા સુંદર પુસ્તકોનું નિત્ય નવું સર્જન કરે અને દીર્ઘાયુ રહે એ જ પ્રભુ પ્રત્યે અભ્યર્થના.

૩/૩૮ શિવાનંદ સોસાયટી, વીલેપાર્લે–ઇસ્ટ

(૧૪)

—પ્રોફેસર શ્રી રાજેન્દ્રભાઈ [illegible] શાહ

[illegible]

[illegible] ૧૮ ઓગસ્ટ, ૧૯૬૭

(૧૫)

—ભૂતપૂર્વ પ્રોફેસર શ્રી [illegible]

[illegible]

[illegible]

[illegible]

(૧૬)

વિદ્વાન લેખક શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, મુંબઈ

જગતની સતત સામે આજે અનેક ફૂટપ્રશ્નો ઉપસ્થિત થયેલ છે અને માનવજીવન આજે અનેક પ્રકારની મુંઝવણો અનુભવી રહી છે. અન્યાય, અનીતિ, કાળાબજારો, નીતિભ્રષ્ટતા અને ગુંડાના મૂળમાં ગુપ્તપણે તો ચારિત્રની શિથિલતા જવાબદાર છે. એટલે જ્યારે જગતમાં ચારે બાજુ ચારિત્રની કટોકટી પ્રસરી રહેલી છે, ત્યારે "જીવન ઘડતર" ગ્રંથનું સર્જન માનવ જગતને નવી પ્રેરણા, નવા વિચારો અને નવો માર્ગ બતાવવામાં સહાયરૂપ થાય એ રીતે સુંદર બન્યું છે. માનવ-જીવનનું ગૂઢ સમજાવતા આ ગ્રંથનું એકએક પાનું, એકએક શબ્દ. લેખકના શાંત, ગંભીર અને સુદૃઢ વિચારોનું પ્રતિબિંબ પાડે છે. દોષો અને મલિનતાને સમજવા, સમજીને તેને દૂર કરવા અને સંપૂર્ણ નિર્દોષ જીવનની પ્રાપ્તિ અર્થે, દરેકના માટે આ ગ્રંથ બહુ ઉપયોગી થઈ પડે તેવો છે. વર્તમાનકાળના વિદ્યાર્થી જગતનો પ્રવાહ જ્યારે અવળે માર્ગે જઈ રહ્યો છે, ત્યારે તેઓને સાચા માર્ગે દોરવી જીવનનું ઘડતર કરવામાં આ ગ્રંથ એક અદ્ભુત રસાયણનું કામ કરી શકે તેવો બન્યો છે. વિદ્વાન અને સચ્ચરિત એવા શ્રી કિરણભાઈએ દરેક પ્રકરણને અંતે સંપાદકીય નોંધ લખીને આ ગ્રંથની સમૃદ્ધિમાં અનેક રીતે વધારો કર્યો છે. લેખક અને સંપાદક બંનેને કોટિ-કોટિ ધન્યવાદ!

(૧૭)

—વિદ્વાન અધ્યાપક શ્રી ખુમચંદ કેશવલાલ પારેખ, સિરોહી

ભૌતિકવાદના ભીષણ કાળમાં માનવ જ્યારે માનવતા મૂકી, આત્મવાદને ચૂકી, હિતાહિતનું લક્ષ્ય ભૂલી, કેવળ દૈહિક લાલસાઓને જ તૃપ્ત કરવા આંધળી દોટ મૂકી રહ્યો છે, તેવા આ વિષમ

કાળમાં પૂ૦ આચાર્ય ભગવંત શ્રી [illegible] મહારાજ સાહેબે [illegible] અને શ્રી [illegible] સંપાદિત કરેલ આ સાહિત્ય [illegible]

[illegible]

(૧૪)

—[illegible] શ્રીયુત [illegible], મુંબઈ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

(૧૫)

—[illegible]

[illegible]

ઘડતર' નામનું પુસ્તક વાંચતા આજના યુગની મોટી મોટી જરૂરિયાત કંઈક અંશે પૂરી થતી દેખાય છે. આજે ભણતર વધ્યું છે પણ ઘડતર ઘટયું છે, જેથી યુવાનોમાં ભોગ વિલાસ વધતો જાય છે, જેને પરિણામે માનવીનું ચારિત્ર ધોરણ નીચું થતું જાય છે.

આજે આધુનિક યુવક-યુવતીઓ વિલાસભોગ પ્રધાન બન્યા છે. અભક્ષ્ય આમીષજન્ય ખોરાકો, એલ. એસ. ડી. અને બીજા માદક પીણાઓ, શીગારેટ, ચિરૂટ વિ. ના ધુમ્રપાનો, નગ્ન, બિભત્સ, કામોત્તેજક કેબ્રે નૃત્યો, ખરાબ ફિલ્મો, રમી, રેસ, જુગારો વિ. અનિષ્ટો સામાન્ય બનતા જાય છે. ત્યારે આ પુસ્તક એક લાલબત્તી સમાન છે.

દશ દષ્ટાંત દુર્લભ માનવભવનું મહત્ત્વ માનવ શરીરનો સદુપયોગ ગુણાનુરાગ રૂપી અમૃત સ્નાન, સત્સંગ મહિમા, પ્રાર્થના, હિંસાના અનિષ્ટો, નવકારમંત્રનો પ્રભાવ, પંચવિધ સ્વાધ્યાય, વનસ્પતિ વિજ્ઞાન, આચરણ શુદ્ધિ, સુખશાંતિની પ્રાપ્તિ, પાપ-પુણ્યનું ફળ, કર્મવિજ્ઞાન વિ. જીવનસ્પર્શી વિષયો આ પુસ્તકમાં રજુ કરી પૂ૦ આચાર્યદેવે પતનની ગતીમાં ધકેલાઈ રહેલી વર્તમાન પ્રજાને પોતાની અચંડ શક્તિનું ઉર્ધ્વીકરણ કરવા મહાન સંદેશ આપ્યો છે.

આ પુસ્તક કોઈ સંપ્રદાય, કોમની વાડાબંધીમાં પુરાયેલું નથી પરંતુ તે સર્વ કોમના ચારિત્ર ઉત્થાન માટે છે. આ સર્વ વ્યાપિતા આ પુસ્તકની વિશેષ વિશિષ્ટતા છે.

સિદ્ધાંતો સીધી રીતે હૃદયસ્પર્શી બની ન શકે તેને રોચક બનાવવા સાથે દષ્ટાંતો, દલીલો અને કથાઓ પણ જોઈએ. એ દૃષ્ટિએ મહારાજશ્રીએ યુવાનોની રૂચિને ધ્યાનમાં રાખી આ પુસ્તકમાં ડગલે ને પગલે ઉપયોગ કર્યો છે. તેથી પુસ્તક ઉપદેશક છતાં ઉચ્ચ મનોરંજન કરી શકે છે તેથી તે ઘણું લોકપ્રિય થશે તેવી મારી ખાત્રી છે.

લેખક " જો હોયે મુજ શક્તિ ઇસી, તો કરૂં સવિજીવ શાસનં

"રાસો" ની શરૂઆતથી જૈનોની [illegible] કવિતાઓ વિપુલ પ્રમાણમાં [illegible] છે, પણ [illegible] તેનો પૂરેપૂરો લાભ [illegible] છે. આ પુસ્તકના વિદ્વાન અને [illegible] માટે [illegible] છે.

(૧) આ પુસ્તક [illegible]

(૨) આ પુસ્તક [illegible]

(૩) [illegible] આ પુસ્તક [illegible]

[illegible]

C/o. [illegible]
૨૨૪, [illegible], મુંબઈ-૨

(૩૦)

—શેઠ [illegible]

[illegible]

(૨૧)

—શેઠ કેશવલાલ ગુલાબીદાસ-મુંબઈ

પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયભુવનચંદ્રસૂરિજી મહારાજની કૃપાથી પ્રસંગે છપાયેલ "જીવન ઘડતર" નામનું પુસ્તક મને જોવા મળ્યું. મેં વાંચ્યું. બહુજ થોડા શબ્દોમાં યોગ્ય માર્ગદર્શન આપનાર તેમજ પુસ્તક વાંચવામાં રસ પડે તેવું, જેની કલ્પના ન થઈ શકે તેવું અવર્ણનીય આ પુસ્તક છે. "જીવન ઘડતર" માં લખાયેલ માનવ-જીવનના મૂલ્યથી જીવન ઘડતર શબ્દોના નિબંધો અત્યંત અસરકારક અને બોધક છે. સમગ્ર માનવ જાતને જીવન ઘડતરના સર્જન માટે અને ધાર્મિક તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ ઘણું જ સુંદર છે. સત્સંગ વગર જીવનનું ઘડતર અશક્ય છે. આપશ્રીએ આધુનિક પ્રજાને આ પુસ્તક દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવા બદલ હું તો શું પણ સૌ કોઈ આપનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આશા અને સંપૂર્ણ શ્રદ્ધા સાથે આપ પૂજ્યવરને નમ્ર વિનંતી કરું છું કે માનવ જીવનના ઘડતર માટેના ઉપયોગી અને ધર્મમાં અપૂર્વ શ્રદ્ધા ઉત્પન્ન કરનારા આવા પુસ્તકોનો પ્રવાહ અસ્ખલિત વહેતો રહે.

તા. ૧૨-૧૨-૭૧

(૨૨)

—શેઠ નંદલાલ રૂપચંદ-મુંબઈ-જીહુ

શું જમાનો આવ્યો છે ? આવા ઉદ્ગારો આજે ઠેર-ઠેર સંભળાય છે, જમાનો એટલે સમયનો સમયની રીતે જ અગાઉ તેમજ આજે તે જ રીતે વહી રહ્યો છે, પ્રજા અને પ્રજાની પ્રજા

પણ તેણે રીતે લાગી આવે છે, જે આગળ [illegible] [illegible] [illegible] [illegible] હતું કે તેનું [illegible] જે અને [illegible] પણ [illegible] છે કે [illegible] [illegible] [illegible] [illegible] આપણું ધર્મ અને ધર્મશાસ્ત્રનો વિરુદ્ધ [illegible] [illegible] હોય.

ધર્મ [illegible] [illegible] [illegible], [illegible] કે સામાજિક, ઐતિહાસિક, પુરાણ, [illegible] અને [illegible] [illegible] [illegible], [illegible], [illegible], [illegible], વિવેક, નમ્રતા, આદિ [illegible] પણ ધર્મનાં [illegible] [illegible] છે.

આ [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આ પુસ્તક "જીવન ધર્મ" છે. આ પુસ્તક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible], [illegible] અને [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

[illegible] પુસ્તકમાંનું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] આ પુસ્તકના [illegible] [illegible] [illegible] [illegible] કે જે [illegible] [illegible] પણ

કૃતિ પ્રમાણેનું વાંચન વાંચતા બીજા ભાગોનું વાંચન કરવાનું સહેજે મન થઈ આવે છે.

ગમે તે ધર્મ પાળનાર, સર્વ કોમના સ્ત્રી કે પુરુષ, બાળક યુવાન કે વૃદ્ધ સૌ કોઈને આ પુસ્તક ખાસ ઉપયોગી અને વાંચવા જેવું છે તેમાં પણ આજના યુવાનો અને વિદ્યાર્થીઓને આ પુસ્તક વધારે ગમશે અને જીવનમાં ધર્મ, કર્મ અને આચરણનો સીધી રીતની સમજણનો માર્ગ બતાવશે.

મહાન ત્યાગી, સમર્થ વિદ્વાન પૂ૦ આચાર્યદેવ કીર્તિચંદ્રસૂરિજી મહારાજે લખેલા પુસ્તક માટે કંઇ પણ લખવું તે નાના માણસ માટે વ્યાજબી નથી એટલે છેલ્લે આ પુસ્તકમાં આચરણનું મહત્વમાં લખેલું છે કે—

ચાલતા પહેલા જુઓ, બોલતા પહેલા વિચારો, કરતા પહેલા સમજો, ઉપદેશતા પહેલા આચરો. માત્ર આટલી વાતમાં કેટલું બધુ આવી જાય છે. આટલી જ વાત જીવનમાં મનુષ્ય હર પળે સંભારતો રહે તો જીવન ભર્યું ભર્યું લાગશે. ઉન્નતિનો માર્ગ સરળ બનશે અને ફરી બોલવાનો સમય નહિ આવે કે–"શું જમાનો આવ્યો છે."

નંદનવન–ફ્રેન્ડઝ સોસાયટી
જુહુ–મુંબઈ–૫૬

(૨૩)

—શેઠ દામજીભાઇ જેઠાભાઇ શાહ, દાદર–મુંબઇ

પરમ ઉપકારી ભગવંતોએ અને અન્ય મહાપુરુષોએ ફરમાવેલા વચનોને લોકભોગ્ય કરી શકાય એવી સરળ ભાષામાં વ્યક્ત કરવાનું કાર્ય એ માત્ર વિદ્વતાનું જ કામ નહિ પણ સંસ્કાર સિંચનની ઉદાત ભાવનાનું અનુમોદન કરનારું, ચારિત્ર બળની દઢતા

[illegible], નીતિકથાઓમાં [illegible], [illegible] અને ધર્મકથાનો મહિમા [illegible] છે.

[illegible]

[illegible]

[illegible]

તા. [illegible]

(૪૪)

શેઠ [illegible] તથા શેઠ [illegible]

[illegible]

[illegible]

આમ જે વિચાર્યું આ એક પુસ્તક "જ્ઞાન ગડતર" ખરેખર સ્કુલના બાળકો માટે ઉપયોગી થઈ પડે તેવું છે.

આ પુસ્તકમાં કોઈ ગચ્છભેદ, કોમ, યા ધર્મભેદ દેખાતો નથી અને આજના યુગ સાથે સરખામણી કરીને જે દાખલા દષ્ટાંતો આપ્યા છે તે દરેક ધર્મવાળાને ઉપયોગી થઈ પડે તેવા છે, એટલે આવા પુસ્તકો સ્કુલોમાં "જ્ઞાન સંસ્કારના પીરીયડ" તરીકે ચલાવવા હું દરેક સમાજના આગેવાન ભાઈઓને વિનંતી કરું છું. ખાસ કરીને જૈન સમાજ કે જે પોતા હસ્તક હાઈસ્કુલો, ગર્લ્સ હાઈસ્કુલો ખાતાઓ ચલાવે છે તેઓ ધારે તો સ્કુલમાં પીરીયડ તરીકે દાખલ કરાવી શકે તેમ છે. તેમાં સરકાર બીલકુલ વાંધો લઈ શકે તેમ નથી એમ મારૂં માનવું છે. દુનિયાનું વાતાવરણ બગડેલું પડ્યું છે, માનવમાં માનવતા ઓછી થતી જાય છે. સંસ્કારોનો હ્રાસ થતો જાય છે, તેમાં વિદ્યાર્થીવર્ગનો પ્રવાહ જુદી જ રીતે જઈ રહ્યો છે તેવા સમયે આવા સંસ્કારી અને ધર્મમય પુસ્તકો દીવાદાંડી તરીકે કામ કરે છે.

પૂજ્ય આચાર્યશ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ સાહેબ સાથે થયેલ ચર્ચામાં જાણવા મળ્યું છે કે આવા બીજા ૩–૪ પુસ્તકો તૈયાર કરી રહ્યા છે. અને તે પણ પુસ્તકો હાઈસ્કુલના વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે અને તેમને આધ્યાત્મિક જ્ઞાન મળી રહે તેમજ કોઈ પણ જાતના ભેદ ભાવ વગરના તૈયાર થશે. આપણા જૈન સમાજમાં એવા તત્વચિંતક સારા લેખક સેવાભાવી ઉત્સાહી સંત પુરુષો છે તેમના હસ્તક આપણે સ્કુલમાં ચલાવવા લાયક સરળ સાદી ભાષામાં સરકાર તરફથી કોઈ બાધ ન આવે તેવા તેમજ ધર્મભેદ, ગચ્છભેદ વગરના એવા પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા જોઈએ કે જેથી સ્કુલમાં બાળકોને સુસંસ્કારો મળે, આધ્યાત્મિક જ્ઞાન મળે તેમજ વાર્તા સાથે બોધ મળે. આ કાર્ય ખાસ કરવા જેવું છે, જૈન આગેવાનો તથા

સમાજના હિતચિંતકો બનો. પૂજ્ય આચાર્યદેવને મારી ભૂરિભૂરિ વંદના હોજો અને સંપાદક વિદ્વાન ભાઈ હિંમતભાઈને મારા ધન્યવાદ.

(૨૫)

શ્રી ધાર્મિક શિક્ષણસંઘના ભાવનાશીલ કાર્યકર
શ્રી ચીમનલાલ પાલીતાણાકર

ધાર્મિક તાત્ત્વિક અનેક પુસ્તકોના વાચનાથી લેખક અને પ્રખર [illegible] શીલ અને [illegible] કલ્યાણના [illegible], [illegible] આપણા પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસંરક્ષકસૂરીશ્વરજી મહારાજની [illegible] 'કથન પ્રદાન' પુસ્તક [illegible] [illegible]

(૨૬)

—[illegible] શ્રી [illegible]
M.A. [illegible], LL.B.

[illegible]

[illegible] સરળ ભાષામાં દૃષ્ટાંતો અને વિશ-
[illegible] પરમ ઉપકાર કર્યો છે.

[illegible] વાત તો એ છે કે, [illegible] જમાનાની હોવા [illegible] ઊંડાણ અને નવીન વિચારમાં [illegible] Continuity માનવ જીવનના [illegible] થી માંડીને મુખ શાંતિના [illegible] આપી [illegible] નવા દૃષ્ટિકોણથી રજૂ કર્યો છે. સંપાદકની નોંધ ખરેખર પ્રશંસનીય છે.

(૩૦)

શિક્ષક-શ્રી નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ-ખંભાત

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ સાહેબે લખેલ "જીવન ઘડતર" નામે ગ્રન્થ તથા "જીવન સૌરભ" નામના પુસ્તકના ફર્મા વાંચવા મળ્યા.

આ બન્ને ગ્રન્થો હું સાદ્યંત વાંચી ગયો. આ બન્ને પુસ્તકો વિદ્યાર્થીઓ તેમ જ ગૃહમંડળના આબાલવૃદ્ધ પર્યંત સર્વેને અતિશય આનંદપ્રદ તથા બોધક નીવડશે.

તેમાં આપેલા દૃષ્ટાંતો ટૂંકમાં અને રોચક શૈલીમાં હોવાથી વાંચતા કંટાળો ઉપજે તેવું નથી. વળી ધર્મ, નીતિ, વ્યવહાર, કાર્યદક્ષતા, ચાતુર્ય વિગેરે વિવિધલક્ષી બાબતોનો સમાવેશ થયેલો હોવાથી સર્વની અભિરૂચિને સંતોષ પ્રાપ્ત થાય છે.

ભાષા અતિશય સરળ, ભાવવાહી, સચોટ અને અર્થગંભીર હોવાથી સુંદર અસર ઉપજાવે છે. પૂ૦ આચાર્યદેવે આ યુગને જેવા સાહિત્યની જરૂર છે તેવું સાહિત્ય નિર્માણ કરીને જનતા ઉપર મહાન ઉપકાર કર્યો છે, એમ કહેવું તે અતિશયોક્તિ ભર્યું નથી. આચાર્યશ્રીના પદને વંદનીય બનાવ્યું છે.

તા. ૧૦-૧૧-૭૧

(૩૧)

પ્રસિદ્ધ લેખક શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ

પૂજ્ય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે લખેલ "જીવન ઘડતર" પુસ્તક ઘણાના જીવનનું ઘડતર કરશે. તેઓશ્રીની શૈલી આકર્ષક છે. આવા સાહિત્ય પ્રચારની અત્યંત આવશ્યકતા છે.

શેઠ બિપિનચંદ્ર કાંતિલાલ ઝવેરી-મુંબઈ

આજે જ્યારે ભૌતિકવાદની ભરતીમાં તણાઈ આધુનિક યુવાનોમાં ઘૂમી રહ્યું છે, ત્યારે ઘોર અંધારામાં કોઈ મશાલની [illegible] પ્રકાશ પાથરી લોકોને પ્રકાશના પંથે દોરે એવા [illegible] પણ આત્માના [illegible] પ્રકાશના પંથે દોરતા "જીવન ઘડતર" જેવા ઉત્તમ સાહિત્યની આજે ખૂબ જરૂર છે અને તે દિશામાં [illegible] સરળ [illegible] ભાવપૂર્ણ [illegible] શૈલીએ વિવિધ સાહિત્ય [illegible] પ્રતિભાશાળી પૂ. આચાર્ય મહારાજશ્રી કીર્તિચંદ્રસૂરિજી મહારાજ જૈન-જૈનેતર સમાજ પર અમાપ ઉપકાર કરી રહ્યા છે. તે માટે તેઓશ્રી અમારા સૌના અભિનંદનના અધિકારી છે.

શેઠ હીરાલાલ ચુનીલાલ શાહ-મુંબઈ

વર્તમાનકાળમાં આવા પ્રેરણાદાયી સાહિત્યની અત્યંત આવશ્યકતા છે, જેથી આવાં 'જીવન ઘડતર' જેવાં [illegible] અને [illegible] પુસ્તક [illegible] પૂ. આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરિજી મહારાજે [illegible] પૂ. આચાર્યશ્રીની સાહિત્યપ્રચારની [illegible] છે.

શ્રી સોભાગચંદ ડી. શાહ 'સુઘોષા' સંપાદક

'જ્ઞાન સાગર'નું નામ જેટલું સુંદર છે, તેટલું જ તેથી અધિક લખાણ સુંદર, ભાવવાહિ, ઉપયોગી અને ઉપકારક છે. ભૌતિકવાદના આ યુગમાં નવયુવકો અને યુવતિઓને સુંદર પ્રેરણા, માર્ગદર્શન અને સંસ્કારનું પાન કરાવે તેવું આ સર્જન છે. આવું સાહિત્ય ઘેર ઘેર પહોંચે અને સૌ કોઈ માટે સંસ્કૃતિ અને સંસ્કાર પોષક બને તેવું અંતરથી ઈચ્છું છું.

લેખક—પૂ૦ આચાર્યશ્રી શતાવધાની, પ્રખરવક્તા અને લેખક છે. જ્યારે સંપાદક શ્રી કિરણભાઈ એક ઉંચા વિચારક, ચિંતક અને શ્રદ્ધાળુ લેખક છે. તેઓશ્રીનો આ પ્રયત્ન સ્તુત્ય છે એટલું જ નહિ પણ આવકારદાયક અને અભિનંદન પાત્ર છે.

હવે પછીના ત્રણ પુસ્તકો એટલા જ આદરપાત્ર બનશે એવી મને શ્રદ્ધા છે. અંતે યોજનાની અને સર્જનની સફળતા ઈચ્છું છું.

તા. ૧૩-૮-૭૧ પાલીતાણા

